
# ચંદ્રયશ સ્વાધ્યાય

## ભાગ-૧

○ સંકલન ○

**રમ્યરેણુ**



# ચન્દ્રયશ સ્વાધ્યાય

## ભાગ-૧

: દિવ્યકૃપા :

પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહરાજા
પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય ૐકારસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. તપસ્વીરત્ન પૂ. ચન્દ્રયશવિજયજી મહારાજા

◆ ◆ ◆

: શુભાશિષ :

પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય અરવિંદસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય યશોવિજયસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ભાગ્યેશવિજયજી મહારાજા
પ.પૂ. ગુરુમાતા સા. રમ્યગુણાશ્રીજી મ.સા.

◆ ◆ ◆

: સંકલન :

પૂ. સા. ભવ્યગુણાશ્રીજી મ.સા.

: ગ્રંથ પ્રકાશક :
શ્રી નાનપુરા જૈન સંઘ - સુરત

: પ્રાપ્તિસ્થાન :

શ્રી વાવપથક જૈનવાડી
દશાપોરવાડ જૈન સોસાયટી, પાલડી, અમદાવાદ-૭.

વિજયભદ્ર ચેરીટેબલ ટ્રસ્ટ
ૐકારસાહિત્યનિધિ, હાઈવે, ભીલડીયાજી (બ.કાં.)
ફોન :(૨૭૪૪) ૨૩૩૧૨૯


આચાર્ય ૐકારસૂરિ આરાધના ભવન
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧.
ફોન :(૦૨૬૧) ૨૪૨૬૫૩૧

સી મહેન્દ્ર એન્ડ કું.
૧૮-એ, લેંડ્સ એન્ડ એપાર્ટમેન્ટ, ડુંગરશીરોડ,
ૐકારસૂરિ ચોક, વાલકેશ્વર, મુંબઈ. ફોન-૨૩૬૩૭૮૯૭

૧૨૦૪, પંચરત્ન ઓપેરા હાઉસ, મુંબઈ-૪.
ફોન-૦૨૨-૨૩૬૪૨૫૦૯

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ,**
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩
(મો.) ૯૯૨૫૦૨૦૧૦૬

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



रम्यास्य- दिव्यदीपस्य, हेमज्योतिः सुहर्षदम् ।
स्यात्सदा भव्यलोकानां, श्रीशङ्खेश्वरपार्श्व ! ते ॥ १ ॥

ઝીંઝુવાડાનગરે શાંતિનાથદાદા




भव्याब्जदिव्यदेहार्क ! श्रीझंझुपुरभूषण !
शान्ते ! ते हर्षकारी स्यात् रम्यहेमप्रभाऽनिशम् ।।


વંદનાવલિ.....

વંદનાવલિ.....

પૂ. આ. શ્રી ભદ્રસૂરિ મ. સા.




પૂ. આ. શ્રી ૐકારસૂરિ મ.સા.




પૂ. આ. અરવિંદસૂરિ મ.સા.



પૂ. આ. યશોવિજયસૂરિ મ.સા.



પૂ. શ્રી મુનિચંદ્રસૂરિ મ.સા.



# સમર્પણ

નાનકડી ચેતનાને તમે
વિરાટ આકાશ આપ્યું સંયમનું...
ને નાનકડી સ્મૃતિને આપ્યો
પ્રભુનાં વચનનો સાગર-સાદ...
ને નાનકડી આંખને
પ્રભુનાં દર્શનનું સ્વપ્ન. પ્રતિક્ષણે
તમારા હૃદયનો પડઘો : દીકરી !
અને અમારા હૃદયે
ઉઘડતો અવાજ :
પ્રેમાળ પિતા !
એક ભવનું આ સાયુજ્ય
દીકરી-પિતાનું ઋણાનુબંધનું પર્વ
વિસ્તર્યું સ્મૃતિનાં રહેલાં શેષ-સમયે
અને એનો પ્રતિસાદ એટલે આ
પ્રયત્ન...
સ્વાધ્યાયના આ સંકલનનો...
તમારી વહેલી પ્રેરણા, હૂંફ
અને અત્યારે
વહેતાં આશીર્વાદને
સમર્પિત



ભવ્યગુણાશ્રી

# પૂ. પિતાશ્રી મ.

મારા બે શબ્દો : જાણે જીવનનો જીવંતયોગ

જ્યારે કોઈક ઘટના ઘટે

તમારો પ્રતિભાવ હોય :

જેવી પ્રભુની ઈચ્છા.

અને

જ્યારે કોઈક તમને પૂછે : કેમ છો ?

તમે કહેતાં : પ્રભુ બેઠો છે

મારે શી ફકર...

આ ફકરની ફક્કડતાં

ને ઈશ્વરની ઈચ્છામાં

તમે જે ભાર વિનાના થઈને વહ્યાં...

નિર્ગ્રન્થ રૂપે રમ્યાં...

એકાદ પળ એ નિર્ગ્રન્થતા આપજો.

જેમાં અમારા હજારો ભવોની

ગ્રંથિઓનું વિસર્જન થાય.

ભવ્યગુણાશ્રી

# ભક્તિનો માર્ગ મઝાનો

પૂજ્યપાદ મહામહોપાધ્યાય શ્રી. માન વિજયજી મહારાજ પ્રભુને પૂછે છે: 'ક્યું કર ભક્તિ કરું પ્રભુ! તેરી?' પ્રભુ! હું ઇચ્છું તોય, તીવ્ર-તાથી ઝંખું તોય તારી ભક્તિ હું શી રીતે કરું?

શબ્દવાચનામાં પૂરી સ્તવનામાં આ પ્રશ્નનો ઉત્તર મળતો નથી. પરંતુ અશબ્દ-વાચનામાં ઉત્તર આ રીતે મળી શકે: પ્રભુ! તારી ભક્તિ તું કરાવ! હું શી રીતે કરી

શકું ?

આ ઇંગિત આનન્દઘન-
નીય સ્તવનામાં આ રીતે
અભિવ્યક્ત થયો છે: 'દરિસન
દુર્લભ સુલભ કૃપા થકી,
આનન્દઘન મહારાજ...' પ્રભુ-
ભક્તિની આ કેવી સબળ
પ્રસ્તુતિ !

ભક્તિમાર્ગના પથિક
તપસ્વી મુનિરાજ શ્રી. ચન્દ્રયશ
વિજયજી મહારાજની પુણ્યસ્મૃતિમાં
પ્રકાશિત આ પુસ્તિકાના સ્તોત્રો
પાઠક વર્ગને પણ ભક્તિમાર્ગના
પથિક બનાવશે.

ભીલડિયાજી તીર્થ
ચૈત્ર વદિ ૮, વિ. ૨૦૬૨

# પૂ. તપસ્વી શ્રીચંદ્રયશ વિ.મ.સા.

સંયમયોગૈરાત્મા, નિરંતરવ્યાપૃતઃ કાર્યઃ.
પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજની આ પંક્તિનો જીવંત
અનુવાદ એટલે પૂ. તપસ્વી મહારાજ...
સવારથી સાંજ/રાત્રિ, મધ્યરાત્રિથી સવાર...
અને વચલા ઉંઘના કલાકોમાં પણ અનાયાસે
ચાલતાં સૂત્રો કે નવકાર કે શંખેશ્વર પાર્શ્વનાથનું રટણ...
માત્ર શુભયોગોમાં સતત રમતું વ્યક્તિત્વ...
કાં નવકારવાળી, કાં વૈયાવચ્ચ, કાં વંદના,
કાં ફોટા સામે ચાલતી આરાધના,
કાં કાઉસ્સગ્ગની ક્ષણોમાં સ્થિર શરીર.
બીજે દિવસે તેઓ કહેતાં, ફરિયાદ કરતાં કરતાં...
ગઈકાલે હજી
થોડી આરાધના રહી ગઈ...
થોડી નવકારવાળી બાકી છે...
આરાધનામાં કલાકો ઓછાં પડે
એવાં આયખાનાં સ્વામિ પૂજ્યશ્રી હતાં.
તેમની સ્મૃતિમાં પ્રકાશિત
આ સ્વાધ્યાય સૌને
આવા આયખાનું અજવાળું આપે...

# અનુક્રમણિકા


૧. શક્રસ્તવસ્તોત્ર ........ ૦૨

૨. પરમજ્યોતિઃ પંચવિંશતિકા ........ ૪૮

૩. પરમાત્મપંચવિંશતિકા ........ ૫૮

૪. સિદ્ધર્ષિગણીરચિત જિનસ્તવના ........ ૬૮

૫. કુમારપાલરચિત સાધારણ
જિનસ્વતના ........ ૮૪

૬. સિદ્ધર્ષિગણીરચિત જિનસ્તવનાનો
પદ્યાનુવાદ ........ ૧૦૦

૭. કુમારપાલરચિત સાધારણ
જિનસ્તવનાનો પદ્યાનુવાદ ........ ૧૦૮

૮. નારદભક્તિ સૂત્ર ........ ૧૧૬

૯. અપૂર્વ અવસર ........ ૧૩૬

આચાર્ય શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિવિરચિત:

# ॥ શ્રીવર્ધમાનશક્રસ્તવ: ॥

ૐ નમો અર્હતે,

૧. ભગવતે,

૨. પરમાત્મને,

૩. પરમજ્યોતિષે,

૪. પરમપરમેષ્ઠિને,

૫. પરમવેધસે,

૬. પરમયોગિને,

૭. પરમેશ્વરાય,

૮. તમસઃ પરસ્તાત્,

૯. સદોદિતા-દિત્યવર્ણાય,

૧૦. સમૂલોન્મૂલિતાનાદિસકલક્લેશાય ॥૧॥

ૐ નમો અર્હતે,

૧૧. ભૂ-ર્ભુવ:-સ્વસ્ત્રયી-નાથ-મૌલિ-મન્દાર-માલા-ર્ચિત-ક્રમાય

ॐकार पूर्वक नमस्कार थाओ. अर्हत्‌ने...

૧. ભગવાનને (સર્વોત્કૃષ્ટ ઐશ્વર્યાદિથી યુક્તને)

૨. પરમાત્માને

૩. કેવલજ્ઞાન રૂપ શ્રેષ્ઠ જ્યોતિર્મયને,

૪. પંચ પરમેષ્ઠિઓમાં શ્રેષ્ઠને,

૫. સર્વ વિદ્યાદિના પરમ જ્ઞાતાને,

૬. ઉત્કૃષ્ટ યોગીને,

૭. પરમ ઐશ્વર્યના સ્વામીને,

૮. અજ્ઞાનરૂપ અંધકારથી પર થયેલાને,

૯. સદાય ઉદય પામેલા સૂર્ય જેવી કાંતિવાળાને,

૧૦. અનાદિકાલીન સર્વ ક્લેશોનો મૂળ સહિત નાશ કરનારને.

ॐ કારપૂર્વક નમસ્કાર થાઓ. અર્હત્‌ને...

૧૧. પાતાલ, પૃથ્વી અને સ્વર્ગ સ્વરૂપ ત્રણેય લોકના સ્વામી એવા ઈન્દ્રાદિના મુગટમાં રહેલી કલ્પવૃક્ષના પુષ્પોની માળાઓથી જેમના ચરણ પૂજાયેલા છે તેમને.

૧૨. સકલપુરુષાર્થયોનિનિરવદ્ય-વિદ્યા પ્રવર્તનૈક-વીરાય,

૧૩. નમઃ સ્વસ્તિ-સ્વધા-સ્વાહા-વષડર્થૈ-કાન્તશાન્ત-મૂર્તયે,

૧૪. ભવદ્-ભાવિ-ભૂત-ભાવાવભાસિને,

૧૫. કાલપાશ-નાશિને,

૧૬. સત્ત્વ-રજસ્તમો-ગુણાતીતાય

૧૭. અનન્તગુણાય,

૧૮. વાઙ્-મનોઽગોચર-ચરિત્રાય,

૧૯. પવિત્રાય,

૨૦. કરણ-કારણાય,

૨૧. તરણ-તારણાય,

૨૨. સાત્ત્વિક-દૈવતાય,

૨૩. તાત્ત્વિક-જીવિતાય,

૧૨. સર્વ પુરુષાર્થોનું ઉત્પત્તિ સ્થાન એવી નિર્દોષ વિદ્યાઓને પ્રવર્તાવવામાં અદ્વિતીય વીરને.

૧૩. નમઃ, સ્વસ્તિ, સ્વધા, સ્વાહા અને વષટ્‌ના અર્થથી અત્યંત શાંત આકૃતિવાળાને.

૧૪. વર્તમાન, ભવિષ્ય અને ભૂતકાળના સર્વ ભાવોનું પ્રકાશન કરનારને.

૧૫. મૃત્યુરૂપી બંધનનો નાશ કરનારાને.

૧૬. સત્ત્વ, રજો અને તમોગુણથી પર થયેલાને.

૧૭. અનંત ગુણોથી યુક્તને.

૧૮. વાણી અને મનથી અગમ્ય એવા વિશિષ્ટ ચરિત્રવાળાને.

૧૯. પવિત્રને.

૨૦. ધર્મ કરનાર અને કરાવનારને અથવા ધર્મ કરવામાં કારણરૂપને.

૨૧. તરનાર અને તારનારને. અથવા સંસાર સાગરથી તારવા માટે જહાજ સમાનને.

૨૨. સાત્ત્વિક દેવતાને.

૨૩. તત્ત્વમય જીવન જીવનારાને.

૨૪. નિર્ગ્રન્થ-પરમ-બ્રહ્મ-હૃદયાય,

૨૫. યોગીન્દ્ર-પ્રાણનાથાય,

૨૬. ત્રિભુવન-ભવ્ય-કુલ-નિત્યોત્સવાય,

૨૭. વિજ્ઞાનાનન્દ-પરબ્રહ્મૈકાત્મ્ય-સાત્મ્ય-સમાધયે

૨૮. હરિ-હર-હિરણ્યગર્ભાદિ-દેવતા-પરિકલિત-સ્વરૂપાય,

૨૯. સમ્યક્-શ્રદ્ધેયાય,
૩૦. સમ્યગ્ધ્યેયાય,
૩૧. સમ્યક્-શરણ્યાય,
૩૨. સુસમાહિત-સમ્યક્-સ્પૃહણીયાય ॥૨॥

૨૪. ગ્રંથીઓથી રહિત એવા વિશુદ્ધ આત્મસ્વરૂપના રહસ્ય પામેલાને.

૨૫. યોગીન્દ્રોના ભાવપ્રાણોનું યોગ-ક્ષેમ કરનારા નાથને.

૨૬. ત્રણ ભુવનમાં રહેલા ભવ્ય જીવોના સમૂહને માટે સદાય ઉત્સવ રૂપને.

૨૭. વિશિષ્ટ જ્ઞાન અને આનંદમય વિશુદ્ધ આત્મ-સ્વરૂપ સાથે એકરૂપ થયેલ આત્મહિતકર સમાધિવાળાને.

૨૮. વિષ્ણુ, શંકર, બ્રહ્મા આદિ દેવતાઓના સ્વરૂપને ધારણ કરનારાને, અથવા અન્ય દેવો વડે અજ્ઞાત સ્વરૂપવાળાને.

૨૯. સારી રીતે શ્રદ્ધા કરવા યોગ્યને.

૩૦. સારી રીતે ધ્યાન કરવા યોગ્યને.

૩૧. સારી રીતે શરણ કરવા યોગ્યને.

૩૨. સુંદર સમાધિપૂર્વક સારી રીતે ઝંખવા યોગ્યને. અથવા સુંદર સમાધિને પ્રાપ્ત એવા યોગીઓ માટે ઝંખના કરવા યોગ્ય સ્વરૂપવાળાને.

ૐ નમો અર્હતે,

૩૩. ભગવતે,

૩૪. આદિકરાય,

૩૫. તીર્થંકરાય,

૩૬. સ્વયં સંબુદ્ધાય,

૩૭. પુરુષોત્તમાય,

૩૮. પુરુષસિંહાય,

૩૯. પુરુષ-વરપુંડરીકાય,

૪૦. પુરુષ-વર-ગન્ધહસ્તિને,

૪૧. લોકોત્તમાય,

૪૨. લોકનાથાય,

૪૩. લોકહિતાય,

૪૪. લોકપ્રદીપાય,

૪૫. લોકપ્રદ્યોતકારિણે,

૪૬. અભયદાય,

૪૭. દૃષ્ટિદાય,

૪૮. મુક્તિદાય,

ૐ કારપૂર્વક નમસ્કાર થાઓ. અર્હત્‌ને...

૩૩. સર્વોત્કૃષ્ટ ઐશ્વર્યાદિથી યુક્ત ભગવંતને,

૩૪. ધર્મના આદિ કરનારાને.

૩૫. ચતુર્વિધ સંઘરૂપી તીર્થની સ્થાપના કરનારને.

૩૬. સ્વયં સમ્યક્ રીતે બોધ પામેલાને.

૩૭. પુરૂષોમાં ઉત્તમને.

૩૮. પુરુષોમાં સિંહ સમાન પરાક્રમીને.

૩૯. પુરુષોમાં શ્રેષ્ઠ કમલ સમાનને.

૪૦. પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાનને.

૪૧. લોકમાં ઉત્તમને.

૪૨. ભવ્યાત્માઓ રૂપી લોકના યોગ-ક્ષેમ કરનારા હોવાથી નાથને.

૪૩. સર્વ જીવોને માટે હિતકારીને.

૪૪. લોકમાં પ્રદીપ સમાન પ્રકાશકને.

૪૫. સૂર્યની માફક જગતના સર્વ ભાવોને પ્રકાશિત કરનારને.

૪૬. અભયદાનના આપનારને.

૪૭. સમ્યક્ જ્ઞાનરૂપી દૃષ્ટિ આપનારને.

૪૮. મોક્ષદાતાને.

૪૯. માર્ગદાય,

૫૦. બોધિદાય,

૫૧. જીવદાય,

૫૨. શરણદાય,

૫૩. ધર્મદાય,

૫૪. ધર્મદેશકાય,

૫૫. ધર્મનાયકાય,

૫૬. ધર્મસારથયે,

૫૭. ધર્મ-વર-ચાતુરન્ત-ચક્રવર્તિને,

૫૮. વ્યાવૃત્ત-ચ્છદ્મને,

૫૯. અપ્રતિહત સમ્યગ્જ્ઞાન-દર્શન-સદ્મને. ॥૩॥

ૐ નમો અર્હતે,

૬૦. જિનાય,

૬૧. જાપકાય,

૬૨. તીર્ણાય,

૬૩. તારકાય,

૪૯. સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ મોક્ષમાર્ગના આપનારને.
૫૦. બોધિ અર્થાત્ સમ્યક્ત્વના દેનારને.
૫૧. ભાવ પ્રાણોરૂપ જીવિતના દેનારને.
૫૨. શરણના દેનારને.
૫૩. ધર્મના દેનારને.
૫૪. ધર્મના ઉપદેશકને.
૫૫. ધર્મના નાયકને.
૫૬. ધર્મરૂપી રથના સારથિને.
૫૭. ચાર ગતિનો અંત કરનાર ધર્મરૂપી શ્રેષ્ઠ ચક્રને ધારણ કરનાર ચક્રવર્તીને.
૫૮. છદ્મસ્થ અવસ્થાથી પર થયેલાને.
૫૯. અસ્ખલિત એવા સમ્યક્ જ્ઞાન તથા સમ્યક્ દર્શનના સ્થાનભૂતને.

ૐ કારપૂર્વક નમસ્કાર થાઓ. અર્હત્‌ને...

૬૦. રાગાદિ આંતર શત્રુઓના જીતનારાને.
૬૧. ઉપદેશ દ્વારા ભવ્ય જીવોને રાગાદિ આંતર શત્રુઓનો જય કરાવનારાને.
૬૨. સંસાર સમુદ્રથી તરી ગયેલાને.
૬૩. ભવ્યાત્માઓને સંસાર સાગરથી તારનારાને.

૬૪. બુદ્ધાય,

૬૫. બોધકાય,

૬૬. મુક્તાય,

૬૭. મોચકાય,

૬૮. ત્રિકાલવિદે,

૬૯. પારંગતાય,

૭૦. કર્માષ્ટક-નિષૂદનાય,

૭૧. અધીશ્વરાય,

૭૨. શંભવે,

૭૩. જગત્પ્રભવે

૭૪. સ્વયંભુવે,

૭૫. જિનેશ્વરાય,

૭૬. સ્યાદ્વાદવાદિને,

૭૭. સાર્વાય

૭૮. સર્વજ્ઞાય

૭૯. સર્વદર્શિને

૮૦. સર્વતીર્થોપનિષદે,

૬૪. સ્વયં બોધ પામેલાને.

૬૫. અન્ય જીવોને બોધ પમાડનારાને.

૬૬. કર્મબંધનોથી મુક્ત થયેલાને.

૬૭. ભવ્ય જીવોને કર્મબંધથી મુક્ત કરાવનારને.

૬૮. ભૂત-ભાવી-વર્તમાનરૂપ ત્રણેય કાળને જાણનારાને.

૬૯. સંસાર સાગરના પારને પામેલાને.

૭૦. આઠ કર્મોનો વિનાશ કરનારાને.

૭૧. પરમ ઈશ્વરને.

૭૨. સર્વ જીવોને સુખ કરનારને.

૭૩. જગતના પ્રભુને.

૭૪. પોતાની મેળે તીર્થંકર બનનારને અથવા કામદેવ સમાન રૂપવાળાને.

૭૫. સામાન્ય કેવલી આદિ જિનોમાં ઈશ્વર તુલ્યને.

૭૬. સ્યાદ્વાદ સિધ્ધાંતની પ્રરૂપણા કરનારને.

૭૭. સર્વ જીવોને માટે હિતકારીને.

૭૮. સર્વ ભાવોના જાણનારાને.

૭૯. સર્વ ભાવોના જોનારાને.

૮૦. સર્વ તીર્થોના રહસ્યભૂતને.

૮૧. સર્વપાખંડમોચિને,
૮૨. સર્વયજ્ઞફલાત્મને
૮૩. સર્વજ્ઞકલાત્મને,
૮૪. સર્વયોગરહસ્યાય,
૮૫. કેવલિને,
૮૬. દેવાધિદેવાય,
૮૭. વીતરાગાય. ॥૪॥

ૐ નમો અર્હતે,
૮૮. પરમાત્મને,
૮૯. પરમાપ્તાય,
૯૦. પરમકારુણિકાય,
૯૧. સુગતાય,

૯૨. તથાગતાય,
૯૩. મહાહંસાય,
૯૪. હંસરાજાય,
૯૫. મહાસત્ત્વાય,
૯૬. મહાશિવાય,

૮૧. સર્વ મિથ્યામતોથી મૂકાવનારાને.

૮૨. સર્વ યજ્ઞોના (પૂજનોના) ફળસ્વરૂપને.

૮૩. સર્વજ્ઞપણાની કળાથી યુક્તને.

૮૪. સર્વ યોગ સાધનાઓના રહસ્યભૂતને.

૮૫. કેવલજ્ઞાનથી યુક્તને.

૮૬. ઈન્દ્રાદિ દેવોના પણ દેવને.

૮૭. સર્વથા રાગ રહિતને.

ૐ કારપૂર્વક નમસ્કાર થાઓ. અર્હત્‌ને...

૮૮. પરમાત્માને.

૮૯. પરમ આપ્ત પુરુષને.

૯૦. પરમ કરુણાવંતને

૯૧. સુંદર (સમ્યક્) જ્ઞાનવાનને, અથવા શુભ ગતિને પામેલાને,

૯૨. વિશિષ્ટ જ્ઞાનવંતને,

૯૩. મહાન સંયમીને,

૯૪. સંયમીઓના સ્વામીને,

૯૫. મહા સત્ત્વશાળીને,

૯૬. મહા મંગલકારીને,

૯૭. મહાબોધાય,

૯૮. મહામૈત્રાય,

૯૯. સુનિશ્ચિતાય,

૧૦૦. વિગત-દ્વન્દ્વાય,

૧૦૧. ગુણાબ્ધયે,

૧૦૨. લોકનાથાય,

૧૦૩. જિત-માર-બલાય ॥૫॥

ૐ નમો અર્હતે,

૧૦૪. સનાતનાય,

૧૦૫. ઉત્તમ-શ્લોકાય,

૧૦૬. મુકુન્દાય,

૧૦૭. ગોવિન્દાય,

૧૦૮. વિષ્ણવે,

૧૦૯. જિષ્ણવે,

૧૧૦. અનન્તાય,

૧૧૧. અચ્યુતાય,

૧૧૨. શ્રીપતયે,

૧૧૩. વિશ્વરૂપાય,

૯૭. મહાન બોધ આપનારને,
૯૮. સર્વોત્કૃષ્ટ મૈત્રીને ધારણ કરનારને,
૯૯. સારી રીતે નિશ્ચય કરનારાને,
૧૦૦. હર્ષ શોકાદિ દ્વન્દ્વોથી રહિતને,
૧૦૧. ગુણોના સાગરને,
૧૦૨. ભવ્ય જીવોના નાથને,
૧૦૩. કામદેવના સૈન્યને જીતનારાને.
ૐ કારપૂર્વક નમસ્કાર થાઓ. અર્હત્‌ને...
૧૦૪. શાશ્વત સ્થિતિને પામેલાને,
૧૦૫. ઉત્તમ યશને પામેલાને,
૧૦૬. જ્ઞાનાદિ ગુણરત્નોના ભંડાર અથવા મનુષ્યોમાં રત્ન સમાનને.
૧૦૭. છકાય જીવોનું રક્ષણ કરનાર મહાગોપને,
૧૦૮. મુક્તિરૂપી લક્ષ્મી માટે વિષ્ણુ સમાનને,
૧૦૯. સર્વત્ર જયને પામનારાને,
૧૧૦. અંત રહિત અવસ્થાને પામેલાને,
૧૧૧. પોતાના સ્વરૂપથી પતિત નહિ થનારાને,
૧૧૨. ચોત્રીશ અતિશયાદિ લક્ષ્મીના સ્વામીને,
૧૧૩. કેવલી સમુદ્‌ઘાત સમયે ૧૪ રાજલોક રૂપ વિશ્વ

૧૧૪. હૃષીકેશાય,
૧૧૫. જગન્નાથાય,
૧૧૬. ભૂર્ભુવઃ સ્વઃ સમુત્તારાય,

૧૧૭. માનંજરાય,
૧૧૮. કાલંજરાય,
૧૧૯. ધ્રુવાય,
૧૨૦. અજાય,
૧૨૧. અજેયાય,
૧૨૨. અજરાય,
૧૨૩. અચલાય,
૧૨૪. અવ્યયાય,
૧૨૫. વિભવે,
૧૨૬. અચિન્ત્યાય,

૧૨૭. અસંખ્યેયાય,
૧૨૮. આદિ-સંખ્યાય,
૧૨૯. આદિ-કેશવાય,

જેવા સ્વરૂપવાળાને,
૧૧૪. ઈન્દ્રિયોના માલિકને,
૧૧૫. ત્રણે જગતના સ્વામીને,
૧૧૬. પાતાલ, પૃથ્વી અને સ્વર્ગના લોકોને સારી રીતે તારનારાને,
૧૧૭. માન કષાયનો ક્ષય કરનારાને,
૧૧૮. મૃત્યુનો નાશ કરનારને,
૧૧૯. ધ્રુવપદ-મોક્ષને પ્રાપ્ત કરનારાને,
૧૨૦. ફરી જન્મ નહિ પામનારાને,
૧૨૧. કોઈથી પણ ન જીતી શકાય તેવાને,
૧૨૨. વૃદ્ધાવસ્થાને નહિ પામનારાને,
૧૨૩. ચલાયમાન નહિ થનારાને,
૧૨૪. કદી પણ વ્યય-નાશ નહિ પામનારાને,
૧૨૫. જ્ઞાનગુણથી સર્વ વ્યાપકને,
૧૨૬. મનથી ન ચિંતવી શકાય તેવા અદ્‌ભુત સ્વરૂપવાળાને,
૧૨૭. સંખ્યાતીત ગુણોવાળાને,
૧૨૮. શ્રેષ્ઠ પુરુષોમાં પ્રથમને,
૧૨૯. પરમેષ્ઠીઓમાં અગ્રણીને,

૧૩૦. આદિ-શિવાય,
૧૩૧. મહાબ્રહ્મણે,

૧૩૨. પરમશિવાય,
૧૩૩. એકાનેકાનન્તસ્વરૂપિણે,
૧૩૪. ભાવાભાવવિવર્જિતાય

૧૩૫. અસ્તિ-નાસ્તિ-દ્વયાતીયાય,

૧૩૬. પુણ્ય-પાપવિરહિતાય,

૧૩૭. સુખ-દુઃખવિવિક્તાય,
૧૩૮. વ્યક્તા--વ્યક્તસ્વરૂપાય,

૧૩૯. અનાદિ-મધ્ય-નિધનાય,
નમોઽસ્તુ
૧૪૦. મુક્તીશ્વરાય,
૧૪૧. મુક્તિ-સ્વરૂપાય ॥૬॥

૧૩૦. કલ્યાણકારીઓમાં મુખ્યને,

૧૩૧. તપસ્વીઓમાં અથવા યથાર્થ તત્ત્વવેદીઓમાં અગ્રણીને,

૧૩૨. પરમ કલ્યાણ સ્વરૂપને,

૧૩૩. એક, અનેક, અનંત સ્વરૂપવાળાને,

૧૩૪. ભાવ અને અભાવથી રહિતને અર્થાત્ જન્મ મરણથી મુક્ત થયેલાને,

૧૩૫. અસ્તિ. અર્થાત્ સંસારરૂપ સ્થિતિ અને નાસ્તિ અર્થાત્ મોક્ષરૂપ અસ્થિતિ એ બંને દોષને દૂર કરનારાને,

૧૩૬. શુભ અને અશુભ બંને પ્રકારના કર્મોથી રહિત થયેલાને,

૧૩૭. સાંસારિક સુખ-દુઃખથી રહિતને,

૧૩૮. સર્વજ્ઞ માટે સ્પષ્ટ અને છદ્મસ્થ માટે અસ્પષ્ટ સ્વરૂપવાળાને, અથવા સાકાર નિરાકાર સ્વરૂપવાળાને,

૧૩૯. આદિ-મધ્ય-અંત રહિતને,

નમસ્કાર થાઓ.

૧૪૦. મુક્તિના સ્વામીને,

૧૪૧. મુક્તિસ્વરૂપને.

ૐ નમો અર્હતે,
૧૪૨. નિરાતંકાય,
૧૪૩. નિ:સંગાય,
૧૪૪. નિ:શંકાય,
૧૪૫. નિર્મલાય,
૧૪૬. નિર્દ્વન્દ્વાય,
૧૪૭. નિસ્તરંગાય,
૧૪૮. નિરૂર્મયે,
૧૪૯. નિરામયાય,
૧૫૦. નિષ્કલંકાય,
૧૫૧. પરમદૈવતાય,
૧૫૨. સદાશિવાય,
૧૫૩. મહાદેવાય,
૧૫૪. શંકરાય,
૧૫૫. મહેશ્વરાય,
૧૫૬. મહાવ્રતિને,
૧૫૭. મહાયોગિને,
૧૫૮. મહાત્મને,
૧૫૯. પંચમુખાય,
૧૬૦. મૃત્યુંજયાય,

ॐ કારપૂર્વક નમસ્કાર થાઓ. અર્હત્‌ને...
૧૪૨. સર્વ પીડાઓ તથા ભયોથી રહિતને,
૧૪૩. સર્વ સંગથી મુક્ત થયેલાને,
૧૪૪. સર્વ શંકાઓથી રહિતને,
૧૪૫. કર્મરૂપી મળથી રહિતને,
૧૪૬. સર્વ દ્વન્દ્વોથી રહિતને,
૧૪૭. વિકલ્પોથી રહિતને,
૧૪૮. ઉત્સુક્તા-ક્ષોભ રહિતને,
૧૪૯. દ્રવ્ય-ભાવ-સર્વ રોગોથી રહિતને,
૧૫૦. કલંકથી રહિતને,
૧૫૧. દેવતાઓમાં શિરોમણિને,
૧૫૨. સદા કલ્યાણમયને,
૧૫૩. મહાન દેવને,
૧૫૪. સુખને-કલ્યાણને કરનારાને,
૧૫૫. મહાન્‌ ઈશ્વરને,
૧૫૬. મહાવ્રતધારીને અથવા વ્રતધારીઓમાં મહાન્‌ને,
૧૫૭. મહાન્‌ યોગીને,
૧૫૮. મહાન્‌ આત્માને,
૧૫૯. જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યરૂપ પાંચ મુખવાળાને,
૧૬૦. મૃત્યુનો જય કરનારાને,

૧૬૧. અષ્ટમૂર્તયે,
૧૬૨. ભૂતનાથાય,
૧૬૩. જગદાનન્દદાય,
૧૬૪. જગત્પિતામહાય,
૧૬૫. જગદ્દેવાધિદેવાય,
૧૬૬. જગદીશ્વરાય,
૧૬૭. જગદાદિ-કન્દાય,
૧૬૮. જગદ્ભાસ્વતે,
૧૬૯. જગત્કર્મ-સાક્ષિણે,
૧૭૦. જગચ્ચક્ષુષે,
૧૭૧. ત્રયીતનવે,
૧૭૨. અમૃતકરાય,
૧૭૩. શીતકરાય,

૧૭૪. જ્યોતિશ્ચક્ર-ચક્રિણે,
૧૭૫. મહાજ્યોતિ-ર્દ્યોતિતાય,
૧૭૬. મહાતમ:પારે-સુપ્રતિષ્ઠિતાય,
૧૭૭. સ્વયં કર્ત્રે,
૧૭૮. સ્વયં હર્ત્રે,
૧૭૯. સ્વયં પાલકાય,

૧૬૧. અનંત જ્ઞાનાદિ આઠ ગુણોવાળાને,
૧૬૨. ભવ્ય પ્રાણીઓના નાથને,
૧૬૩. જગતના જીવોને આનંદ આપનારને,
૧૬૪. જગતના પિતામહ (દાદા)ને,
૧૬૫. જગતના દેવોના પણ દેવને,
૧૬૬. જગતના ઈશ્વરને,
૧૬૭. ધર્મમય જગતનાં આદિ કંદ સ્વરૂપને,
૧૬૮. જગત્ પ્રકાશક સૂર્ય સમાનને,
૧૬૯. વિશ્વના સર્વ કાર્યમાં સાક્ષીભૂતને,
૧૭૦. વિશ્વના નેત્ર સમાનને,
૧૭૧. જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ શરીરવાળાને,
૧૭૨. અમરદશા (મોક્ષને) આપનારાને,
૧૭૩. સંસારના તાપથી તપેલા જીવોને શીતલતા આપનારાને,
૧૭૪. જ્યોતિષચક્રમાં ચક્રવર્તી સમાનને,
૧૭૫. કેવલજ્ઞાન રૂપ મહાજ્યોતિથી પ્રકાશનારને,
૧૭૬. અજ્ઞાનરૂપ અંધકારની સામે પાર સુસ્થિર થયેલાને,
૧૭૭. સ્વ-પુરુષાર્થથી જ મોક્ષમાર્ગના કરનારને,
૧૭૮. સ્વ-પુરુષાર્થથી જ કર્મ શત્રુઓનો સંહાર કરનારને,
૧૭૯. પોતાની મેળે જ સ્વ-પરનું પાલન કરનારને,

૧૮૦. આત્મેશ્વરાય,

૧૮૧. નમો વિશ્વાત્મને ॥૭॥

ૐ નમો અર્હતે,
૧૮૨. સર્વદેવમયાય,
૧૮૩. સર્વધ્યાનમયાય,
૧૮૪. સર્વજ્ઞાનમયાય,
૧૮૫. સર્વતેજોમયાય,
૧૮૬. સર્વમંત્રમયાય,
૧૮૭. સર્વરહસ્યમયાય,
૧૮૮. સર્વભાવાભાવ-જીવાજીવેશ્વરાય,
૧૮૯. અરહસ્ય-રહસ્યાય,

૧૯૦. અસ્પૃહ-સ્પૃહણીયાય,

૧૯૧. અચિન્ત્ય-ચિન્તનીયાય,

૧૯૨. અકામ-કામધેનવે,

૧૮૦. પોતાના માલિકને અર્થાત્ કર્મની ગુલામીથી મુક્ત થયેલાને,

૧૮૧. જગતના જીવોને સ્વાત્માની જેમ જોનારાને નમસ્કાર થાઓ.

ૐ કારપૂર્વક નમસ્કાર થાઓ. અર્હત્‌ને...

૧૮૨. વિશ્વના સર્વદેવોની ઉપમાને પામેલાને,

૧૮૩. સર્વ પ્રશસ્ત ધ્યાનમયને,

૧૮૪. સર્વ પ્રકારના જ્ઞાન સ્વરૂપને,

૧૮૫. સર્વ પ્રકારના તેજ (પ્રભાવ)થી યુક્તને,

૧૮૬. જેમનામાં સર્વ મંત્રો સમાવિષ્ટ થાય છે તેમને,

૧૮૭. સઘળા રહસ્યના સ્થાનભૂતને,

૧૮૮. સર્વ-ભાવ-અભાવ-જીવ તથા અજીવના માલિકને,

૧૮૯. જેઓને કંઈ રહસ્ય (ગુપ્ત) રહ્યું નથી, એવા યોગીઓ માટે પણ રહસ્યભૂતને,

૧૯૦. સ્પૃહા રહિત એવા મહાત્માઓ દ્વારા પણ સ્પૃહા કરવા યોગ્યને,

૧૯૧. જેઓને કંઈ ચિંતવવા જેવું રહ્યું નથી એવા ધ્યાતાઓને પણ ચિંતવવા યોગ્યને,

૧૯૨. સ્વયં કામનાઓ રહિત હોવા છતાં બીજાઓ માટે કામધેનુ સમાનને,

૧૯૩. અસંકલ્પિત-કલ્પદ્રુમાય,

૧૯૪. અચિન્ત્ય-ચિન્તામણયે,

૧૯૫. ચતુર્દશ-રજ્જવાત્મક-જીવલોક ચૂડામણયે,

૧૯૬. ચતુરશીતિ-લક્ષ-જીવયોનિપ્રાણિનાથાય,
૧૯૭. પુરુષાર્થનાથાય,
૧૯૮. પરમાર્થનાથાય,
૧૯૯. અનાથનાથાય,
૨૦૦. જીવનાથાય,
૨૦૧. દેવ-દાનવ-માનવ સિદ્ધસેનાધિનાથાય ॥૮॥

ૐ નમો અર્હતે,
૨૦૨. નિરંજનાય,
૨૦૩. અનંત-કલ્યાણ-નિકેતન-કીર્તનાય,

૨૦૪. સુગૃહીત-નામધેયાય,
૨૦૫. મહિમામયાય,

૧૯૩. સંકલ્પ કર્યા વિના જ કલ્પવૃક્ષ સમાન ફળ આપનારને,

૧૯૪. ચિંતન કર્યા વિના જ ચિંતામણિની જેમ ઈષ્ટ ફળ આપનારને,

૧૯૫. ચૌદરાજલોક સ્વરૂપ જીવ લોકમાં મુગટમણિ સમાનને,

૧૯૬. ચોર્યાસી લાખ જીવયોનિના પ્રાણીઓના નાથને,

૧૯૭. સર્વ પુરુષાર્થના સ્વામીને,

૧૯૮. પરમાર્થ-મોક્ષના સ્વામીને,

૧૯૯. અનાથ જીવોના નાથને,

૨૦૦. જીવમાત્રના નાથને,

૨૦૧. દેવો, દાનવો, માનવો અને સિદ્ધ-જયને વરેલી છે સેના જેની. એવા રાજાઓના તથા સિદ્ધસેનસૂરિના નાથને.

ૐ કારપૂર્વક નમસ્કાર થાઓ. અર્હત્‌ને...

૨૦૨. કર્મરૂપી અંજનથી રહિતને,

૨૦૩. અનંત કલ્યાણના ધામ-મોક્ષમાર્ગનું કીર્તન કરનારાને, અથવા જેમનું કીર્તન અનંત કલ્યાણનું ધામ છે તેમને,

૨૦૪. સારી રીતે ગ્રહણ કરવા યોગ્ય નામવાળાને,

૨૦૫. મહિમાવંતને,

૨૦૬. ધીરોદાત્ત-ધીરોદ્ધત-ધીરશાન્ત-ધીરલલિત-પુરુષોત્તમ-પુણ્યશ્લોક-શત-સહસ્ર-લક્ષ-કોટિ-વન્દિત-પાદારવિન્દાય,

૨૦૭. સર્વગતાય ॥૯॥

ૐ નમો અર્હતે,

૨૦૮. સર્વસમર્થાય,
૨૦૯. સર્વપ્રદાય,
૨૧૦. સર્વહિતાય,
૨૧૧. સર્વાધિનાથાય,
૨૧૨. કસ્મૈચન ક્ષેત્રાય,
૨૧૩. પાત્રાય,
૨૧૪. તીર્થાય,
૨૧૫. પાવનાય,
૨૧૬. પવિત્રાય,
૨૧૭. અનુત્તરાય,
૨૧૮. ઉત્તરાય,
૨૧૯. યોગાચાર્યાય,
૨૨૦. સંપ્રક્ષાલનાય,

૨૦૬. ધીરોદાત્ત-ધીરોદ્ધત-ધીરશાંત-ધીરલલિત-પુરુષોત્તમ પવિત્ર કીર્તિવાળા એવા સેંકડો, હજારો, લાખો ક્રોડો મહાપુરુષોવડે વંદન કરાયેલા છે જેમના ચરણ કમળ એવા તેમને.

૨૦૭. વિશ્વ વ્યાપી પ્રભાવવાળાને,

ૐ કારપૂર્વક નમસ્કાર થાઓ અર્હત્‌ને...

૨૦૮. સર્વ પ્રકારના સામર્થ્યથી યુક્તને,

૨૦૯. સર્વ ઈષ્ટ વસ્તુઓના આપનારને,

૨૧૦. સર્વ જીવોનું હિત કરનારને,

૨૧૧. સર્વ સ્વામીના પણ સ્વામીને,

૨૧૨. કોઈ મહાન ક્ષેત્ર સ્વરૂપને,

૨૧૩. પાત્ર સ્વરૂપને અથવા પાપોથી બચાવનારને,

૨૧૪. સંસારસાગરથી તારનાર તીર્થ સ્વરૂપને,

૨૧૫. અન્ય જીવોને શુદ્ધ કરનારાને,

૨૧૬. સ્વયં પવિત્રને,

૨૧૭. સર્વોત્તમને,

૨૧૮. સંસારસાગરથી પાર ઉતરેલાને,

૨૧૯. યોગ માર્ગના પ્રવર્તકને,

૨૨૦. કર્મ મલનું સારી રીતે પ્રક્ષાલન કરનારને,

૨૨૧. પ્રવરાય,
૨૨૨. આગ્રેયાય,
૨૨૩. વાચસ્પતયે,
૨૨૪. માંગલ્યાય,
૨૨૫. સર્વાત્મનીનાય,
૨૨૬. સર્વાર્થાય,
૨૨૭. અમૃતાય,
૨૨૮. સદોદિતાય,
૨૨૯. બ્રહ્મચારિણે,

૨૩૦. તાયિને,
૨૩૧. દક્ષિણીયાય,

૨૩૨. નિર્વિકારાય,
૨૩૩. વજ્રર્ષભ-નારાચ-મૂર્તયે,
૨૩૪. તત્ત્વદર્શિને,
૨૩૫. પારદર્શિને,
૨૩૬. પરમદર્શિને,
૨૩૭. નિરુપમ-જ્ઞાન-બલ-વીર્ય-તેજઃ શક્ત્યૈશ્વર્ય-મયાય,

૨૨૧. સર્વ શ્રેષ્ઠને,
૨૨૨. સર્વના અગ્રણીને,
૨૨૩. વાણીના અધિપતિને,
૨૨૪. મંગલના કરનારને,
૨૨૫. સર્વ પ્રાણીઓનું હિત કરનારને,
૨૨૬. સર્વ પ્રયોજનની સિદ્ધિના કારણભૂતને,
૨૨૭. અમરપણાને પામેલાને,
૨૨૮. શાશ્વત ઉદયને પામેલાને,
૨૨૯. બ્રહ્મચારીને અર્થાત્ આત્મસ્વરૂપમાં રમણતા કરનારને,
૨૩૦. રક્ષણ કરનારને,
૨૩૧. દાક્ષિણ્યવંતને અર્થાત્ કોઈની પ્રાર્થનાનો ભંગ નહીં કરનારને,
૨૩૨. વિકારોથી રહિતને,
૨૩૩. વજ્રઋષભનારાચ સંઘયણવાળાને,
૨૩૪. તત્ત્વને જોનાર અથવા બતાવનારને,
૨૩૫. પ્રત્યેક પદાર્થોના પરિણામને જોનારાને,
૨૩૬. દ્રષ્ટાઓમાં સર્વશ્રેષ્ઠને,
૨૩૭. અનુપમ કોટિના જ્ઞાન-બળ-પરાક્રમ-તેજ-શક્તિ અને ઐશ્વર્યથી યુક્તને,

૨૩૮. આદિપુરુષાય,
૨૩૯. આદિ-પરમેષ્ઠિને,
૨૪૦. આદિ-મહેશાય,
૨૪૧. મહાજ્યોતિસ્તત્ત્વાય,
૨૪૨. મહાર્ચિ-ર્ધનેશ્વરાય,
૨૪૩. મહા-મોહ-સંહારિણે,
૨૪૪. મહાસત્ત્વાય,
૨૪૫. મહાજ્ઞા-મહેન્દ્રાય,
૨૪૬. મહાલયાય,

૨૪૭. મહાશાન્તાય,
૨૪૮. મહાયોગીન્દ્રાય,
૨૪૯. અયોગિને,

૨૫૦. મહામહીયસે,
૨૫૧. મહાહંસાય,
૨૫૨. હંસરાજાય,
૨૫૩. મહાસિદ્ધાય,
૨૫૪. શિવ-મચલ-મરુજ-મનંત-મક્ષય-મવ્યાબાધ-
મપુનરાવૃત્તિ-મહાનંદં-મહોદયં સર્વદુઃખક્ષયં

૨૩૮. પુરુષોમાં અગ્રણીને,
૨૩૯. પરમેષ્ઠીઓમાં પ્રથમને,
૨૪૦. મહેશ્વરોમાં પ્રથમને,
૨૪૧. મહાજ્યોતિસ્વરૂપને,
૨૪૨. મહાન્ તેજરૂપી ધનના અધિપતિને,
૨૪૩. મહા મોહનો સંહાર કરનારાને,
૨૪૪. મહાન્ સત્ત્વવાળાને,
૨૪૫. મોટી આજ્ઞા કરવામાં મોટા ઈન્દ્ર સમાનને,
૨૪૬. ગુણ સમૂહના મહાન્ આવાસભૂતને અથવા મહાન્ લય-સમાધિથી યુક્તને,
૨૪૭. મહાશાંતિને પામેલાને,
૨૪૮. મહાયોગીઓમાં શ્રેષ્ઠને,
૨૪૯. મન-વચન-કાયારૂપ યોગથી રહિત અવસ્થાને પામેલાને,
૨૫૦. મહાપુરુષોથી પણ મહાન્‌ને,
૨૫૧. મહાન્ ગુરુને,
૨૫૨. ગુરુઓના પણ ગુરુને,
૨૫૩. મહાન્ સિદ્ધને,
૨૫૪. કલ્યાણકારી-અચલ-રોગરહિત-અનંત-અક્ષય-પીડારહિત-જ્યાંથી ફરી પાછા આવવું ન પડે તેવા

કૈવલ્ય-મમૃતં-નિર્વાણમક્ષરં પરબ્રહ્મ-
નિઃશ્રેયસમપુનર્ભવં સિદ્ધિગતિ-
નામધેયં સ્થાનં સંપ્રાપ્તવતે,

૨૫૫. ચરાચર-મવતે,
૨૫૬. નમોઽસ્તુ શ્રીમહાવીરાય,
૨૫૭. ત્રિજગત્સ્વામિને,
૨૫૮. શ્રીવર્ધમાનાય ॥૧૦॥
ૐ નમો અર્હતે,
૨૫૯. કેવલિને,
૨૬૦. પરમયોગિને,
૨૬૧. (ભક્તિમાર્ગ-યોગિને)
૨૬૨. વિશાલ-શાસનાય,
૨૬૩. સર્વલબ્ધિ-સંપન્નાય,
૨૬૪. નિર્વિકલ્પાય,
૨૬૫. કલ્પનાતીતાય,
૨૬૬. કલાકલાપ-કલિતાય,
૨૬૭. વિસ્ફુર-દુરુ-શુક્લધ્યાનાગ્નિ નિર્દગ્ધ-કર્મબીજાય,

મહા આનંદમય-મહાઉદયવાળા સર્વદુઃખ ક્ષયવાળા-અદ્વિતીય-અમૃત-શાંત-નાશ ન પામે તેવા પરબ્રહ્મસ્વરૂપ-કલ્યાણરૂપ-પુનર્જન્મ રહિત સિદ્ધિગતિ નામના સ્થાનને સારી રીતે પામેલાને,

૨૫૫. ત્રસ-સ્થાવર જીવમય જગતના રક્ષકને,

૨૫૬. નમસ્કાર થાઓ શ્રી મહાવીરને,

૨૫૭. ત્રણ જગતના સ્વામીને,

૨૫૮. જ્ઞાનાદિ ગુણોથી ઉત્તરોત્તર વૃદ્ધિ પામનારને.
ૐ કારપૂર્વક નમસ્કાર થાઓ. અર્હત્‌ને...

૨૫૯. કેવલજ્ઞાનીને,

૨૬૦. ઉત્કૃષ્ટ યોગીને,

૨૬૧. (ભક્તિ માર્ગના યોગીને)

૨૬૨. વિશાલ શાસનવાળાને,

૨૬૩. સર્વ લબ્ધિઓથી યુક્તને,

૨૬૪. વિકલ્પોથી રહિતને,

૨૬૫. કલ્પનાતીત સ્વરૂપવાળાને,

૨૬૬. કલાઓના સમૂહથી મનોહરને,

૨૬૭. વિશેષ રીતે સ્ફુરાયમાન મહાન શુક્લધ્યાનરૂપી અગ્નિ વડે કર્મબીજને સંપૂર્ણ રીતે બાળીનાખનારને.

૨૬૮. પ્રાપ્તાનન્ત-ચતુષ્ટયાય,

૨૬૯. સૌમ્યાય,
૨૭૦. શાન્તાય,
૨૭૧. મંગલ-વરદાય,
૨૭૨. અષ્ટાદશ-દોષ-રહિતાય,
૨૭૩. સંસૃત-વિશ્વ-સમીહિતાય, સ્વાહા ॥૧૧॥

ૐ હ્રીઁ શ્રીઁ અર્હં નમઃ ।

લોકોત્તમો નિષ્પ્રતિમસ્ત્વમેવ,
ત્વં શાશ્વતં મંગલમપ્યધીશ ! ।
ત્વામેકમર્હન્ ! શરણં પ્રપદ્યે,
સિદ્ધર્ષિ-સદ્ધર્મમયસ્ત્વમેવ ॥૧॥

ત્વં મે માતા પિતા નેતા,
દેવો ધર્મો ગુરુઃ પરઃ ।
પ્રાણાઃ સ્વર્ગોऽપવર્ગશ્ચ,
સત્ત્વં તત્ત્વં ગતિર્મતિઃ ॥૨॥

૨૬૮. (અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંતચારિત્ર-અનંત-વીર્યરૂપ) અનંત ચતુષ્ટ્યને પામેલાને,

૨૬૯. સૌમ્ય સ્વરૂપવાળાને,

૨૭૦. શાંત સ્વભાવવાળાને,

૨૭૧. મંગલ વરદાન આપનારને,

૨૭૨. અઢાર દોષોથી રહિતને,

૨૭૩. સર્વ જીવો વાંછિતને પૂરનારાને, સ્વાહા (મારું જીવન સમર્પિત થાઓ) ('સ્વાહા' એ સમર્પણનું બીજ મંત્ર છે.) આવા આવા અગણિત વિશેષણોથી વિશિષ્ટ એવા અરિહંત પરમાત્માને ૐ **હ્રીઁ શ્રીઁ** એ બીજમંત્રો પૂર્વક નમસ્કાર થાઓ.

હે પ્રભુ ! આપ જ અદ્વિતીય લોકોત્તમ છો,
હે સ્વામિન્ ! આપ શાશ્વત મંગલરૂપ છો,
હે અર્હન્ ! હું એક આપનું જ શરણું સ્વીકારું છું.
હે પ્રભુ ! તમે જ સિદ્ધ છો, ગુરુ છો
અને સમ્યક્ ધર્મસ્વરૂપ છો - ૧
હે પરમાત્મન્ ! આપ મારા માતા, પિતા, નેતા,
દેવ, ધર્મ અને પરમ ગુરુ છો, તથા આપ જ
મારા પ્રાણ, સ્વર્ગ, મોક્ષ, સત્ત્વ,
તત્ત્વ, શરણ અને મતિરૂપ છો. ૨

જિનો દાતા જિનો ભોક્તા,
જિનઃ સર્વમિદં જગત્ ।
જિનો જયતિ સર્વત્ર,
યો જિનઃ સોઽહમેવ ચ ॥૩॥

યત્કિંચિત્ કુર્મહે દેવ,
સદા સુકૃત-દુષ્કૃતમ્ ।
તન્મે નિજપદસ્થસ્ય,
હું ક્ષઃ ક્ષપય ત્વં જિન ! ॥૪॥

ગુહ્યાતિગુહ્ય-ગોપ્તા ત્વં,
ગૃહાણાસ્મત્કૃતં જપમ્ ।
સિદ્ધિઃ શ્રયતિ માં યેન,
ત્વત્પ્રસાદાત્ત્વયિ સ્થિતમ્ ॥૫॥

ઈતિ શ્રીવર્ધમાનજિનનામમન્ત્રસ્તોત્રં સમાપ્તમ્ ।
પ્રતિષ્ઠાયાં શાંતિવિધૌ ચ પઠિતં મહાસુખાય સ્યાત્ ।

ઈતિ શક્રસ્તવઃ ।

૧. ઈતીમં પૂર્વોક્ત-મિન્દ્રસ્તવૈકાદશ-
મન્ત્રરાજો-પનિષદ્ગર્ભં
અષ્ટમહાસિદ્ધિપ્રદં, સર્વપાપનિવારણં, સર્વપુણ્યકારણં, સર્વગુણાકરં, મહાપ્રભાવં, અનેક-સમ્યગ્દષ્ટિ-ભદ્રક-દેવતા-શત-સહસ્ર-શુશ્રૂષિતં,

જિન દાતા છે, જિન ભોક્તા છે, આ આખું જગત જિન સ્વરૂપ છે, જિન આ વિશ્વમાં સર્વત્ર જય પામે છે, વાસ્તવમાં જે જિન છે તે જ હું છું - ૩

હે દેવ ! અમે હંમેશા જે કાંઈ પુણ્ય-પાપ કરીએ છીએ, આપના ચરણમાં રહેલા મારા તે કર્મને જિન એવા આપ ક્ષય કરો. (હું ક્ષઃ એ ક્ષપણ માટેના મંત્રાક્ષરો છે)-૪

તમે ગુહ્ય કરતાં પણ અતિગુહ્ય રક્ષક છો, આપ અમારા દ્વારા કરાયેલા જાપને ગ્રહણ કરો કે જેથી આપના પ્રસાદથી આપને આશ્રયે રહેલા મને સિદ્ધિની પ્રાપ્તિ થાય-૫

આ પ્રમાણે શ્રી વર્ધમાન જિન નામ મંત્ર સ્તોત્ર સમાપ્ત થયું. પ્રતિષ્ઠામાં તથા શાંતિ અનુષ્ઠાનમાં આનો પાઠ મહાસુખને માટે થાય છે. આ રીતે શક્રસ્તવ પૂર્ણ થયું. આ રીતે પૂર્વે કહેલ અગિયાર મહામંત્રોના રહસ્યથી ગર્ભિત આ શક્રસ્તવ, અષ્ટ મહાસિદ્ધિઓને આપનાર છે, સર્વ પાપોનું નિવારણ કરનાર છે, સઘળા પુણ્યનું કારણ છે, સર્વ દોષોને દૂર કરનાર છે, સર્વ ગુણોની ખાણ રૂપ છે, મહાન પ્રભાવશાળી છે. ભાવિમાં કલ્યાણને પામનારા અનેક

ભવાન્તરકૃતાઽસંખ્ય-પુણ્ય-પ્રાપ્યં,

સમ્યગ્ જપતાં, પઠતાં, ગુણયતાં, શ્રુણ્વતાં,
સમનુપ્રેક્ષમાણાનાં, ભવ્યજીવાનાં, ચરાચરેઽપિ જીવલોકે
સદ્વસ્તુ તન્નાસ્તિ યત્
કરતલ-પ્રણયિ ન ભવતીતિ ।
કિંચ -
૨. ઈતીમં પૂર્વોક્ત..... ભવ્યજીવાનાં ભવનપતિ
વ્યન્તર-જ્યોતિષ્ક વિમાનવાસિનો દેવાઃ સદા
પ્રસીદન્તિ વ્યાધયો વિલીયન્તે ।

૩. ઈતીમં પૂર્વોક્ત.... ભવ્યજીવાનાં
પૃથિવ્યપ્-તેજો-વાયુ-ગગનાનિ
ભવન્ત્યનુકૂલાનિ ।
૪. ઈતીમં પૂર્વોક્ત.... ભવ્યજીવાનાં
સર્વ-સંપદાં મૂલં જાયતે જિનાનુરાગઃ ।

સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ દ્વારા સેંકડો અને હજારોવાર સાંભળવાને ઇચ્છાયેલું, અથવા અનેક સેંકડો, હજારો, ભદ્રિક, સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ વડે સેવાયેલુ છે.

ગયા જન્મોમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત્ કરી શકાય તેવું છે.

તેને સારી રીતે જાપ કરનારા,પાઠ કરનારા, ગુણન અર્થાત્ વારંવાર સ્મરણ કરનારા, સાંભળનારા અને સારી રીતે ચિંતન કરનારા, ભવ્ય જીવોને માટે,

આ ચરાચર જીવલોકમાં એવી કોઈ પણ સારી વસ્તુ નથી કે જે પોતાની મેળે જ હાથમાં ન આવે. અને વળી -

૨. આ પ્રમાણે આ (દ્વિતીય આલાપકમંત્ર રૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્યાત્માઓ ઉપર ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તથા વૈમાનિક દેવતાઓ હંમેશા પ્રસન્ન થાય છે અને રોગો નાશ પામે છે.

૩. આ પ્રમાણે આ(તૃતીય આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવોને, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, એ પાંચ મહાભૂતો અનુકૂળ થાય છે.

૪. આ પ્રમાણે આ (ચતુર્થ આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવોમાં સર્વ સંપત્તિઓનું મૂળ કારણ એવો જિનેશ્વર પ્રભુ પ્રત્યે અનુરાગ પ્રગટ થાય છે.

૫. ઈતીમં પૂર્વોક્ત....... ભવ્યજીવાનાં સાધવઃ
સૌમનસ્યેનાઽનુગ્રહપરા ભવન્તિ ।

૬. ઈતીમં પૂર્વોક્ત.....ભવ્યજીવાનાં ખલાઃ ક્ષીયન્તે ।

૭. ઈતીમં પૂર્વોક્ત..... ભવ્યજીવાનાં
જલ-સ્થલ-ગગનચરાઃ
ક્રૂરજન્તવોઽપિ મૈત્રીમયા
જાયન્તે ।
૮. ઈતીમં પૂર્વોક્ત..... ભવ્યજીવાનાં
અધમવસ્તૂન્યપિ ઉત્તમવસ્તુ-ભાવં પ્રપદ્યન્તે ।

૯. ઈતીમં પૂર્વોક્ત.... ભવ્યજીવાનાં
ધર્માર્થકામા ગુણાભિરામા
જાયન્તે ।
૧૦. ઈતીમં પૂર્વોક્ત........ ભવ્યજીવાનાં
ઐહિક્યઃ સર્વા અપિ શુદ્ધ-ગોત્ર-
કલત્ર-પુત્ર-મિત્ર-ધન-ધાન્ય-
જીવિત-યૌવન-રૂપાઽઽરોગ્ય-યશઃપુરસ્સરાઃ

૫. આ પ્રમાણે આ (પાંચમા આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવો ઉપર સજ્જન મહાત્માઓ શુભ મનથી અનુગ્રહ કરવામાં તત્પર થાય છે.

૬. આ પ્રમાણે આ (છઠ્ઠા આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવોને દુર્જનો ઉપદ્રવ કરી શકતાં નથી. (તેમની દુર્જનતા ક્ષીણ થાય છે)

૭. આ પ્રમાણે આ (સાતમા આલાપક - મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવો ઉપર જલચર, સ્થલચર અને ખેચર એ ત્રણેય પ્રકારના ક્રૂર પ્રાણીઓ પણ મૈત્રીભાવને ધારણ કરનારા થાય છે.

૮. આ પ્રમાણે આ (આઠમા આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો પાઠ કરનારા ભવ્ય જીવોને અધમ વસ્તુઓ પણ ઉત્તમ વસ્તુપણાને પ્રાપ્ત કરે છે.

૯. આ પ્રમાણે આ (નવમા આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવોને ધર્મ, અર્થ, અને કામ એ ત્રણેય પુરુષાર્થ ગુણોથી મનોહર થાય છે.

૧૦. આ પ્રમાણે આ (દશમા આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવોને શુદ્ધ ગોત્ર, પત્ની, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય, જીવન, યૌવન, રૂપ, આરોગ્ય, યશ વિગેરે પરાકાષ્ઠાને પામેલી અને શુભ ઉદયને કરનારી આ લોકની

સર્વજનાનાં સંપદઃ પરભાગ-જીવિત-
શાલિન્યઃ સદ્દુદર્કાઃ સુસંમુખીભવન્તિ ।
કિં બહુના: ?

૧૧. ઈતીમં પૂર્વોક્ત..... ભવ્યજીવાનાં
આમુષ્મિક્ય: સર્વમહિમા-સ્વર્ગાપવર્ગ-
શ્રિયોઽપિ ક્રમેણ યથેચ્છં સ્વયં
સ્વયંવરણોત્સવ-સમુત્સુકા ભવન્તીતિ ।
સિદ્ધિદ: શ્રેય: સમુદય: ।

યથેન્દ્રેણ પ્રસન્નેન, સમાદિષ્ટોઽર્હતાં સ્તવ: ।
તથાઽયં સિદ્ધસેનેન, પ્રપેદે સંપદાં પદમ્ ॥

સર્વ સંપત્તિઓ સારી રીતે સન્મુખ થાય છે.

## વધુમાં શું કહીએ ?

૧૧. આ પ્રમાણે આ (અગિયારમા આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવોને સર્વ મહિમાવાળી સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મીઓ પણ અનુક્રમે પોતાની મેળે જ વરવા માટે સ્વયંવરના ઉત્સવમાં સારી રીતે ઉત્સુક થાય છે. સિદ્ધિને આપનાર કલ્યાણના સમુદાયની પણ પ્રાપ્તિ થાય છે.

પ્રસન્ન થયેલા ઈન્દ્રે આ અર્હત્ પ્રભુના સ્તવને જે રીતે જણાવ્યું તે પ્રમાણે સંપત્તિઓના સ્થાનભૂત આ શક્રસ્તવને આચાર્ય સિદ્ધસેનસૂરિએ સ્વીકાર્યું.

# પરમજ્યોતિઃપંચવિંશતિકા

ઐન્દ્રં તત્ પરમં જ્યોતિ-
રુપાધિરહિતં સ્તુમઃ ।
ઉદિતે સ્યુર્યદંશેપિ,
સન્નિધૌ નિધયો નવ ॥૧॥
પ્રભા ચન્દ્રાર્કભાદીનાં,
મિત-ક્ષેત્ર-પ્રકાશિકા ।
આત્મનસ્તુ પરં જ્યોતિ-
ર્લોકાલોકપ્રકાશકમ્ ॥૨॥
નિરાલંબં નિરાકારં,
નિર્વિકલ્પં નિરામયમ્ ।
આત્મનઃ પરમં જ્યોતિ-
ર્નિરુપાધિ-નિરંજનમ્ ॥૩॥
દીપાદિપુદ્‌ગલાપેક્ષં,
સમલં જ્યોતિરક્ષજમ્ ।
નિર્મલં કેવલં જ્યોતિ-
ર્નિરપેક્ષમતીન્દ્રિયમ્ ॥૪॥
કર્મનોકર્મભાવેષુ,
જાગરુકેષ્વપિ પ્રભુઃ ।
તમસાનાવૃત્તઃ સાક્ષી,
સ્ફુરતિ જ્યોતિષા સ્વયમ્ ॥૫॥

કર્મોપાધિ રહિત આત્મા સંબંધી તે પરમ જ્યોતિની અમે સ્તુતિ કરીએ છીએ કે જેના અંશ માત્રનો ઉદય થવાથી નવ નિધિઓ પ્રકટ થાય છે.

ચંદ્ર, સૂર્ય અને નક્ષત્રાદિની પ્રભા પરિમિતક્ષેત્રને પ્રકાશ કરનારી છે. જ્યારે આત્માની પરમ જ્યોતિ લોકાલોકને પ્રકાશ કરનારી છે.

આત્માની પરમજ્યોતિ આલંબન રહિત, આકાર રહિત, વિકલ્પરહિત, રોગરહિત, ઉપાધિરહિત અને મલરહિત છે.

ઈન્દ્રિયોથી ઉત્પન્ન થયેલી જ્યોતિ દીપક આદિ પુદ્‌ગલોની અપેક્ષા રાખનારી અને મલ સહિત છે. અતીન્દ્રિય કેવલજ્ઞાનરૂપ જ્યોતિ નિરપેક્ષ અને નિર્મલ છે.

જાગરૂક એવા કર્મ અને નોકર્મ જનિત ભાવોને વિષે અજ્ઞાન અંધકારથી અનાવૃત્ત સ્વયં સાક્ષી સ્વરૂપ પ્રભુ આત્મજ્યોતિવડે સ્ફુરાયમાન થાય છે.

પરમજ્યોતિષઃ સ્પર્શા-
-દપરં જ્યોતિરેધતે ।
યથા સૂર્યકરસ્પર્શાત્,
સૂર્યકાન્તસ્થિતોઽનલઃ ॥૬॥
પશ્યન્ન પરમં જ્યોતિ-
ર્વિવેકાદ્દેઃ પતત્યધઃ ।
પરમં જ્યોતિરન્વિચ્છન્,
નાવિવેકે નિમજ્જતિ ॥૭॥
તસ્મૈ વિશ્વપ્રકાશાય,
પરમજ્યોતિષે નમઃ ।
કેવલં નૈવ તમસઃ,
પ્રકાશાદપિ યત્પરમ્ ॥૮॥
જ્ઞાનદર્શનસમ્યક્ત્વ-
ચારિત્રસુખવીર્યભૂઃ ।
પરમાત્મપ્રકાશો મે,
સર્વોત્તમકલામયઃ ॥૯॥
યાં વિના નિષ્ફલાઃ સર્વાઃ,
કલા ગુણબલાધિકાઃ ।
આત્મધામકલામેકાં,
તાં વયં સમુપાસ્મહે ॥૧૦॥

સૂર્યકિરણોના સ્પર્શથી સૂર્યકાંતમણિમાં રહેલો અગ્નિ જેમ વૃદ્ધિને પામે છે. તેમ પરમજ્યોતિના સ્પર્શથકી અપરમજ્યોતિ વૃદ્ધિને પામે છે.

અપરમ જ્યોતિને જોનારો વિવેકરૂપી પર્વતથી નીચે પડે છે. પરમ જ્યોતિને ઈચ્છનારો અવિવેકમાં ડૂબતો નથી.

વિશ્વનો પ્રકાશ કરનાર તે પરમ જ્યોતિને નમસ્કાર થાઓ, કે જે કેવળ અંધકારથી જ પર છે એમ નહિ કિન્તુ પ્રકાશથી પણ પર છે.

જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, ચારિત્ર, સુખ અને વીર્યની ભૂમિ સમાન મારો પરમાત્મપ્રકાશ સર્વોત્તમ કલામય છે.

ગુણ અને બળથી અધિક એવી સર્વે કળાઓ જેના વિના નિષ્ફળ છે, તે આત્મજ્યોતિરૂપ એક જ કલાની અમે ઉપાસના ~~કરીએ છીએ~~

નિધિભિર્નવભીરત્નૈ-
શ્ચતુર્દશભિરપ્યહો ।
ન તેજશ્ચક્રિણાં યત્ સ્યાત્,
તદાત્માધીનમેવ નઃ ॥૧૧॥
દંભ-પર્વત-દંભોલિ-
જ્ઞાનધ્યાનધનાઃ સદા ।
મુનયો વાસવેભ્યોऽપિ,
વિશિષ્ટં ધામ બિભ્રતિ ॥૧૨॥
શ્રામણ્યે વર્ષપર્યાયાત્,
પ્રાપ્તે પરમશુક્લતામ્ ।
સર્વાર્થસિદ્ધદેવેભ્યો,
ऽપ્યધિકં જ્યોતિરુલ્લસેત્ ॥૧૩॥
વિસ્તારિપરમ-જ્યોતિ-
ર્દ્યોતિતાભ્યંતરાશયાઃ ।
જીવન્મુક્તા મહાત્માનો,
જાયન્તે વિગતસ્પૃહાઃ ॥૧૪॥
જાગ્રત્યાત્મનિ તે નિત્યં,
બહિર્ભાવેષુ શેરતે ।
ઉદાસતે પરદ્રવ્યે,
લીયન્તે સ્વગુણામૃતે ॥૧૫॥

અહો! નવનિધાન અને ચૌદ રત્નો વડે ચક્રવર્તિઓને જે તેજની પ્રાપ્તિ થતી નથી. તે તેજ પરમજ્યોતિના પ્રકાશને પ્રાપ્ત થયેલા અમારા આત્માને આધીન છે.

દંભરૂપી પર્વતને તોડી નાંખવા માટે વજ્રતુલ્ય જ્ઞાન તથા ધ્યાનરૂપી ધનવાળા મુનિઓ ઈન્દ્રોથી પણ અધિક તેજને ધારણ કરે છે.

એક વર્ષના શ્રમણ પર્યાય વડે પરમશુક્લતાને પામેલા મુનિવરોને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોથી પણ અધિક જ્યોતિ ઉલ્લસિત થાય છે.

વિસ્તારવાલી પરમજ્યોતિવડે પ્રકાશિત થયેલા અંતરાત્મવાળા જીવન્મુક્ત મહાત્માઓ સર્વ પ્રકારની સ્પૃહાથી રહિત બને છે.

તેઓ આત્મભાવને વિષે સદા જાગ્રત રહે છે. બાહ્યભાવોને વિષે નિરંતર સુતા હોય છે. પરદ્રવ્યને વિષે ઉદાસીનભાવ ધારણ કરે છે. સ્વગુણરૂપી અમૃતના પાનને વિષે તલ્લીન રહે છે.

યથૈવાભ્યુદિતઃ સૂર્યઃ,
પિદધાતિ મહાન્તરમ્ ।
ચારિત્ર-પરમ-જ્યોતિ,
ર્દ્યોતિતાત્મા તથા મુનિઃ ॥૧૬॥
પ્રચ્છન્નં પરમં જ્યોતિ-
રાત્મનોઽજ્ઞાનભસ્મના ।
ક્ષણાદાવિર્ભવત્યુગ્ર-
ધ્યાનવાતપ્રચારતઃ ॥૧૭॥
પરકીયપ્રવૃત્તૌ યે,
મૂકાંધબધિરોપમાઃ ।
સ્વગુણાર્જન-સજ્જાસ્તૈઃ,
પરમં જ્યોતિરાપ્યતે ॥૧૮॥
પરેષાં ગુણદોષેષુ,
દૃષ્ટિસ્તે વિષદાયિની ।
સ્વગુણાનુભવાલોકા,
દૃષ્ટિઃ પીયૂષવર્ષિણી ॥૧૯॥
સ્વરૂપદર્શનં શ્લાઘ્યં,
પરરૂપેક્ષણં વૃથા ।
એતાવદેવ વિજ્ઞાનં,
પરં જ્યોતિઃ પ્રકાશકમ્ ॥૨૦॥

ઉદય પામેલો સૂર્ય જેમ ઘોર અંધકારનો નાશ કરે છે. તેમ ચારિત્રરૂપી પરમજ્યોતિથી પ્રકાશિત આત્માવાળા મુનિ અજ્ઞાન અંધકારને આવરી નાંખે છે.

આત્માની પરમજ્યોતિ અજ્ઞાનરૂપી ભસ્મવડે ઢંકાયેલી છે. ઉગ્ર ધ્યાનરૂપી વાયુના પ્રચારથી ક્ષણવારમાં તે આવિર્ભાવ પામે છે.

જેઓ પરકીયપ્રવૃત્તિમાં મૂક, અંધ અને બધિરની ઉપમાવાળા છે તથા સ્વગુણના ઉપાર્જનમાં સજ્જ છે. તેઓ પરમજ્યોતિને પ્રાપ્ત કરે છે.

બીજાઓના ગુણદોષોને વિષે રહેલી તારી દૃષ્ટિ વિષને વરસાવનારી છે. સ્વગુણનો અનુભવ કરવાના પ્રકાશવાળી દૃષ્ટિ અમૃતને વરસાવનારી છે.

સ્વરૂપનું દર્શન શ્લાઘનીય છે. પરરૂપનું ઈક્ષણ વૃથા છે. આટલું જ વિજ્ઞાન પરમજ્યોતિનું પ્રકાશક છે.

સ્તોકમપ્યાત્મનો જ્યોતિઃ,
પશ્યતો દીપવદ્‌ધિતમ્ ।
અંધસ્ય દીપશતવત્,
પરં જ્યોતિ ર્ન બહ્વપિ ॥૨૧॥
સમતામૃતમગ્નાનાં,
સમાધિધૂત-પાપ્મનામ્ ।
રત્નત્રયમયં શુદ્ધં,
પરં જ્યોતિઃ પ્રકાશતે ॥૨૨॥
તીર્થંકરા ગણધરા,
લબ્ધિસિદ્ધાશ્ચ સાધવઃ ।
સંજાતાસ્ત્રિજગદ્‌વંદ્યાઃ,
પરં જ્યોતિષ્પ્રકાશતઃ ॥૨૩॥
ન રાગં નાપિ ચ દ્વેષં,
વિષયેષુ યદા વ્રજેત્ ।
ઔદાસીન્ય-નિમગ્નાત્મા,
તદાપ્નોતિ પરં મહઃ ॥૨૪॥
વિજ્ઞાય પરમ-જ્યોતિ-
ર્માહાત્મ્યમિદમુત્તમમ્ ।
યઃ સ્થૈર્યં યાતિ લભતે,
સ યશોવિજયશ્રિયમ્ ॥૨૫॥

થોડી પણ આત્મજ્યોતિ દેખતાને દીપકની જેમ હિત કરનારી છે. આંધળાને સેંકડો દીપકની જેમ ઘણી પણ જ્યોતિ બીજાને હિતકારક નથી.

સમતારૂપી અમૃતમાં નિમગ્ન અને સમાધિ વડે પાપકર્મનો નાશ કરનારા મહાત્માઓને રત્નત્રયમય શુદ્ધ પરમજ્યોતિ પ્રકાશે છે.

તીર્થંકરો, ગણધરો અને લબ્ધિસિદ્ધ સાધુપુરુષો પરમ જ્યોતિના પ્રકાશથી ત્રણ જગતને વંદનીય બન્યા છે.

ઉદાસીનભાવમાં નિમગ્ન આત્મા જ્યારે વિષયોનેવિષે રાગને કે દ્વેષને પામતો નથી. ત્યારે પરમજ્યોતિને પ્રાપ્ત કરે છે.

પરમજ્યોતિનું આ ઉત્તમ માહાત્મ્ય જાણીને જે સ્થિરતાને પામે છે તે યશ અને વિજયની લક્ષ્મીને પામે છે. અથવા શ્રી યશોવિજયની લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

# પરમાત્મપંચવિંશતિકા

પરમાત્મા પરંજ્યોતિઃ,
  પરમેષ્ઠી નિરંજનઃ ।
અજઃ સનાતનઃ શંભુઃ,
  સ્વયંભૂર્જયતાજ્જિનઃ ॥૧॥
નિત્યં વિજ્ઞાનમાનન્દં,
  બ્રહ્મ યત્ર પ્રતિષ્ઠિતમ્ ।
શુદ્ધ-બુદ્ધ-સ્વભાવાય,
  નમસ્તસ્મૈ પરાત્મને ॥૨॥
અવિદ્યાજનિતૈઃ સર્વૈ,
  ર્વિકારૈરનુપદ્રુતઃ ।
વ્યક્ત્યા શિવપદસ્થોઽસૌ,
  શક્ત્યા જયતિ સર્વગઃ ॥૩॥
યતો વાચો નિવર્તન્તે,
  ન યત્ર મનસોગતિઃ ।
શુદ્ધાનુભવસંવેદ્યં,
  તદ્રૂપં પરમાત્મનઃ ॥૪॥
ન સ્પર્શો યસ્ય નો વર્ણો,
  ન ગન્ધો ન રસઃ શ્રુતિઃ ।
શુદ્ધચિન્માત્રગુણવાન્,
  પરમાત્મા સ ગીયતે ॥૫॥

પરમાત્મા પરમજ્યોતિરૂપ છે, પરમેષ્ઠી છે, નિરંજન (વીતરાગ) છે, અજન્મા, શાશ્વત, કલ્યાણ કરનારા, સ્વયંભૂ (સ્વયંબુદ્ધ), જિનેશ્વર પ્રભુ જય પામો!

વિજ્ઞાન, આનન્દ અને બ્રહ્મ (આત્મરમણતા) જ્યાં કાયમ રહેલ છે; તે શુદ્ધ-બુદ્ધ સ્વભાવવાળા પરમાત્માને નમન હો !

અવિદ્યા વડે થયેલ સર્વ વિકારોથી રહિત, વ્યક્તિ રૂપે સિદ્ધશિલા પર રહેલા પણ શક્તિ વડે સર્વગામી-વ્યાપક આ પ્રભુ જયવંત વર્તે છે.

જ્યાંથી વાણી પાછી ફરે છે અને જ્યાં મનની ગતિ નથી; તે શુદ્ધ અનુભવથી સંવેદવા યોગ્ય રૂપ પ્રભુનું છે.

જેમને સ્પર્શ, રૂપ, ગન્ધ, રસ કે શબ્દ નથી; તે શુદ્ધ જ્ઞાન ગુણવાળા પરમાત્માની સ્તવના કરાય છે.

માધુર્યાતિશયો યદ્વા,
ગુણૌઘઃ પરમાત્મનઃ ।
તથા ખ્યાતું ન શક્યોપિ,
પ્રત્યાખ્યાતું ન શક્યતે ॥૬॥

બુદ્ધો જિનો હૃષીકેશઃ,
શંભુર્બ્રહ્માદિપુરુષઃ ।
ઈત્યાદિનામભેદેપિ,
નાર્થતઃ સ વિભિદ્યતે ॥૭॥

ધાવન્તોપિ નયા નૈકે,
તત્સ્વરૂપં સ્પૃશન્તિ ન ।
સામુદ્રા ઈવ કલ્લોલાઃ,
કૃતપ્રતિનિવૃત્તયઃ ॥૮॥

શબ્દોપરક્ત-તદ્રૂપ-
બોધકૃન્નયપદ્ધતિઃ ।
નિર્વિકલ્પં તુ તદ્રૂપં,
ગમ્યં નાનુભવં વિના ॥૯॥

કેષાં ન કલ્પનાદર્વી,
શાસ્ત્રક્ષીરાન્નગાહિની ।
સ્તોકાસ્તત્ત્વરસાસ્વાદ-
વિદોનુભવ-જિહ્વયા ॥૧૦॥

પરમાત્માના ગુણોનો સમૂહ જે માધુર્યનો ભંડાર છે... ન તો એ ગુણોને કહી શકાય, ન એને ઇન્કારી શકાય.

બુદ્ધ, જિન, હૃષીકેશ, શંભુ, બ્રહ્મા આદિપુરુષ આવા કોઈ પણ નામથી તે પ્રભુને સંબોધો. અર્થથી તેમાં કાંઈ ફરક નથી.

ગતિમાન-સશક્ત એવા પણ અનેક નયો (દૃષ્ટિકોણો) પરમાત્માના સ્વરૂપને સ્પર્શી શકતા નથી. જેમ પાછા ફરતા (ઓટ સમયના) તરંગો સમુદ્રને ન સ્પર્શી શકે તેમ.

(કારણ એ છે કે -) શબ્દોથી મઢેલ પરમરૂપને જણાવનાર નયોની પદ્ધતિ છે, જ્યારે પરમરૂપ નિર્વિકલ્પ છે અને અનુભવ વિના જણાય તેમ નથી.

કોની કલ્પનાની ચમચી શાસ્ત્રરૂપી ખીરને ચારનાર નથી ? પણ વિરલ વ્યક્તિત્વો જ અનુભવરૂપી જીભ વડે શાસ્ત્ર-ખીરનો આસ્વાદ માણે છે.

જિતેન્દ્રિયા જિતક્રોધા,
દાન્તાત્માનઃ શુભાશયાઃ ।
પરમાત્મગતિં યાન્તિ,
વિભિન્નૈરપિ વર્ત્મભિઃ ॥૧૧॥

નૂનં મુમુક્ષવઃ સર્વે,
પરમેશ્વર-સેવકાઃ ।
દૂરાસન્નાદિભેદસ્તુ,
તદ્ભૃત્યત્વં નિહન્તિ ન ॥૧૨॥

નામમાત્રેણ યે દપ્તા,
જ્ઞાનમાર્ગ-વિવર્જિતાઃ ।
ન પશ્યન્તિ પરાત્માનં,
તે ઘૂકા ઈવ ભાસ્કરમ્ ॥૧૩॥

શ્રમઃ શાસ્ત્રાશયઃ સર્વો,
યજ્જ્ઞાનેન ફલેગ્રહિઃ ।
ધ્યાતવ્યોયમુપાસ્યોયં,
પરમાત્મા નિરંજનઃ ॥૧૪॥

નાન્તરાયા ન મિથ્યાત્વં,
હાસો રત્યરતી ચ ન ।
ન ભી ર્યસ્ય જુગુપ્સા નો,
પરમાત્મા સ મે ગતિઃ ॥૧૫॥

જિતેન્દ્રિય, જિતક્રોધ આત્માને શાન્ત જેમણે કર્યો છે તેવા શુભ આશયવાળા સાધકો ભિન્ન માર્ગો વડે પણ પરમાત્મદશાને પામે છે.

બધા મુમુક્ષુઓ (મુક્તિની ઈચ્છાવાળા સાધકો) પ્રભુના સેવકો છે; દૂરપણું કે નજીકપણું સેવકત્વમાં અવરોધ નથી પેદા કરતું. માર્ગાનુસારી કે સમ્યક્ત્વદશા; બધા જ પ્રભુની સેવારૂપ છે.

નામ માત્ર (બાહ્યસાધના) વડે જે લોકો અહંકારી છે, જ્ઞાનમાર્ગ વગરના છે; તેઓ પરમાત્માને જોઈ શકતા નથી. જેમ સૂર્ય ઘુવડને ન જોઈ શકે તેમ.

શાસ્ત્ર સંબંધી બધો જ શ્રમ જે પ્રભુના જ્ઞાન વડે જ સફળ છે; તે નિરાગી પ્રભુ ધ્યાન કરવા યોગ્ય છે અને ઉપાસના કરવા યોગ્ય છે.

અન્તરાય (દાનાન્તરાયાદિ), મિથ્યાત્વ, હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા (ઘૃણા) જેમને નથી તે પરમાત્મા મારાં શરણરૂપ હો !

ન શોકો યસ્ય નો કામો,
    નાજ્ઞાનાવિરતી તથા ।
નાવકાશશ્ચ નિદ્રાયાઃ,
    પરમાત્મા સ મે ગતિઃ ॥૧૬॥
રાગદ્વેષૌ હતૌ યેન,
    જગત્ત્રય-ભયંકરૌ ।
સ ત્રાણં પરમાત્મા મે,
    સ્વપ્નેપિ જાગરેપિ વા ॥૧૭॥
ઉપાધિ-જનિતા ભાવા,
    યે યે જન્મજરાદિકાઃ ।
તેષાં તેષાં નિષેધેન,
    સિદ્ધં રૂપં પરાત્મનઃ ॥૧૮॥
અતદ્વ્યાવૃત્તિતો ભિન્નં,
    સિદ્ધાન્તાઃ કથયન્તિ તમ્ ।
વસ્તુતસ્તુ ન નિર્વાચ્યં,
    તત્સ્વરૂપં કથંચન ॥૧૯॥

જાનન્નપિ યથા મ્લેચ્છો,
    ન શક્નોતિ પુરીગુણાન્ ।
પ્રવક્તુમુપમાભાવાત્,
    તથા સિદ્ધસુખં જનઃ ॥૨૦॥

શોક, કામ, અજ્ઞાન, અવિરતિ અને નિદ્રા જેમને નથી તે પરમાત્મા મારાં શરણરૂપ હો !

ત્રણે જગત માટે ભયંકર રાગ અને દ્વેષને જેમણે હણ્યા છે તે પરમાત્મા, (સૂતાં અને જાગતાં), મારા રક્ષક હો !

કર્મ દ્વારા જન્ય જન્મ, વૃદ્ધત્વ આદિ ઉપાધિઓના નિષેધ વડે પરમાત્માનું રૂપ જાણી શકાય છે.

પરમાત્માને શાસ્ત્રો રૂપાદિથી વ્યાવૃત્ત-રહિત તરીકે ઓળખે છે...

હકીકતમાં પ્રભુનું સ્વરૂપ વાણીને અગોચર છે. (તદ્વ્યાવૃત્તિ = શબ્દાદિથી રહિતતા... અતદ્વ્યાવૃત્તિથી ભિન્ન એટલે જ તદ્વ્યાવૃત્ત...)

જેવી રીતે સામાન્ય મનુષ્ય નગરીના ગુણોને જાણવા છતાં કહી શકતો નથી. કારણ કે તેની પાસે કોઈ ઉપમા નથી કહેવા માટે. એ જ રીતે સિદ્ધ પરમાત્માના ગુણો કહી શકાતા નથી.

સુરાસુરાણાં સર્વેષાં,
યત્સુખં પિણ્ડિતં ભવેત્ ।
એકસ્યાપિ હિ સિદ્ધસ્ય,
તદનન્તતમાંશગમ્ ॥૨૧॥
અદેહા દર્શનજ્ઞાનો-
પયોગમય-મૂર્ત્તય: ।
આકાલં પરમાત્માન:,
સિદ્ધા: સન્તિ નિરામયા: ॥૨૨॥
લોકાગ્રશિખરારૂઢા:,
સ્વભાવસમવસ્થિતા: ।
ભવપ્રપંચનિર્મુક્તા,
યુક્તાનંતાવગાહના: ॥૨૩॥
ઈલિકા-ભ્રમરીધ્યાનાદ્,
ભ્રમરીત્વં યથાશ્નુતે ।
તથા ધ્યાયન્ પરાત્માનં,
પરમાત્મત્વમાપ્નુયાત્ ॥૨૪॥
પરમાત્મગુણાનેવં,
યે ધ્યાયન્તિ સમાહિતા: ।
લભન્તે નિભૃતાનંદા-
સ્તે યશોવિજયશ્રિયમ્ ॥૨૫॥

બધા દેવો અને અસુરોનું એકઠું થયેલું સુખ પણ એક સિદ્ધાત્માના અનન્તમા ભાગે છે.

દેહ રહિત, દર્શન અને જ્ઞાનના ઉપયોગવાળા, સિદ્ધ પરમાત્મા શાશ્વતકાળ સુધી (કર્માદિ) રોગથી રહિત હોય છે.

લોકના અગ્રભાગ પર રહેલા સ્વભાવમાં સ્થિત, ભવપ્રપંચ વગરના સિદ્ધાત્માઓ અનંત અવગાહનાવાળા છે.

ઈયળ ભમરીના ધ્યાન વડે ભ્રમરીપણાને પામે છે તેમ પરમાત્માને ધ્યાવતો એવો ભક્ત પરમાત્મદશાને પામે છે.

મનને એકાગ્ર બનાવેલ જે સાધકો, આ રીતે, પરમાત્માના ગુણોને ધ્યાવે છે, તે ભરપૂર આનંદવાળા સાધકો યશ અને વિજયની લક્ષ્મીને પામે છે.

# સિદ્ધર્ષિગણીરચિત જિનસ્તવના

અપારઘોરસંસાર-નિમગ્નજનતારક ! ।
કિમેષ ઘોરસંસારે, નાથ ! તે વિસ્મૃતો જનઃ ॥ ૧ ॥

સદ્ભાવપ્રતિપન્નસ્ય, તારણે લોકબાન્ધવ ! ।
ત્વયાસ્ય ભુવનાનન્દ !, યેનાદ્યાપિ વિલમ્બ્યતે ॥ ૨ ॥

આપન્નશરણે દીને, કરુણામૃતસાગર ! ।
ન યુક્તમીદૃશં કર્તું, જને નાથ ! ભવાદૃશામ્ ॥ ૩ ॥

ભીમેહં ભવકાન્તારે, મૃગશાવકસન્નિભઃ ।
વિમુક્તો ભવતા નાથ !, કિમેકાકી દયાલુના ॥ ૪ ॥

અપાર અને ઘોર-ભયંકર સંસારમાં બૂડતા જીવોને તારનારા હે નાથ ! મને આ ઘોર સંસારમાં કેમ ભૂલી ગયા ? મને અહીં મૂકીને કેમ એકલા મોક્ષમાં ચાલ્યા ?

હે જગદ્‌બન્ધુ ! હે વિશ્વને આનંદ આપનારા નાથ! આપના પ્રત્યે મને સદ્‌ભાવ છે. આપને હું સાચા હૃદયથી ચાહું છું, મને તારવામાં આપ કેમ વાર કરો છો ? આપને કોણ વારે છે ? કોણ અટકાવે છે ?

હે દયાનિધાન ! દીન અને હીન એવો હું આપને શરણ આવ્યો છું. ત્યારે આપ મૌન રહો, કાંઈ પણ ન કરો એ આપને શોભતું નથી. મારો વિચાર કરો, મને આપની પાસે લઈ લ્યો, આ હું ખરેખર સાચું કહું, હવે તો કાંઈને કાંઈ કરો. ને કરો જ.

ભયોથી ભરેલા, દાવાનલથી સળગતા આ સંસારરૂપી જંગલમાં મૃગના બાળ સમા મને એકલો મૂકીને હે દયાળુ પ્રભુ ! આપ કેમ શિવનગરમાં ચાલ્યા ગયા છો? અહીં મારું કોણ ? આપના સિવાય મારી સંભાળ કોણ કરે ? આપ જ મારા રક્ષક છો.

ઇતશ્ચેતશ્ચ નિક્ષિપ્ત-ચક્ષુસ્તરલતારકઃ ।
નિરાલમ્બો ભયેનૈવ, વિનશ્યેહં ત્વયા વિના ॥ ૫ ॥

અનન્તવીર્યસમ્ભાર !, જગદાલમ્બદાયક ! ।
વિધેહિ નિર્ભયં નાથ !, મામુત્તાર્ય ભવાટવીમ્ ॥ ૬ ॥

ન ભાસ્કરાદૃતે નાથ !, કમલાકરબોધનમ્ ।
યથા તથા જગન્નેત્ર !, ત્વદૃતે નાસ્તિ નિર્વૃતિઃ ॥ ૭ ॥

કિમેષ કર્મણાં દોષઃ, કિં મમૈવ દુરાત્મનઃ ।
કિં વાઽસ્ય હતકાલસ્ય, કિં વા મે નાસ્તિ ભવ્યતા ॥૮॥

કિં વા સદ્ભક્તિનિર્ગ્રાહ્ય !, સદ્ભક્તિસ્ત્વયિ તાદૃશી ! ।
નિશ્ચલાઽદ્યાપિ સમ્પન્ના, ન મે ભુવનભૂષણ ! ॥ ૯ ॥

આમ તેમ ચારે તરફ ચંચળ નજર ફેરવતો, નિરાધાર, બળેલો જળેલો હું હરણ સમો ભુવનમાં ભમું છું, આપ સિવાય મારે બીજો કોઈ આધાર નથી, મને તારો-પાર ઉતારો, કિનારે લ્યો. બચાવી લ્યો. હું આપને શરણે છું.

હે અનન્તા વીર્યના ધારનારા, અને વિશ્વને આલંબન આપનારા, નાથ ! મને ભવ અરણ્યથી પાર ઉતારો અને નિર્ભય કરો ! આપ અભય દેનારા છો, આપ જ મને અભય આપશો. એ આપી દ્યો એટલે બસ.

હે ભગવન્ ! પદ્મોથી ભરપૂર સરોવરમાં સૂર્ય ઊગતાની સાથે જ કમળો વિકસવા લાગે છે. ચારે કોર સુગન્ધ પ્રસરે છે. એ જ પ્રમાણે આપ સમીપે રહો છો ત્યારે અપૂર્વ શાન્તિ મળે છે સંકટ સર્વ શમી જાય છે.

આટઆટલો કાળ વીત્યો છતાં આપ મારું કાંઈ પણ કરતા નથી. તો શું એમાં આ કુટિલકર્મ આડા આવે છે, કે શું દુરાત્મા એવો હું જ કાંઈ ખામીવાળો છું, અથવા શું કલિકાળનો કાંઈ વાંક છે, કે મારામાં જોઈએ એવી ભવ્યતા જ નથી ?

ભગવાન ભક્તને વશ થાય છે. ભક્તિની શક્તિ એવી તો અજબ છે, તે ધાર્યું કરાવી શકે છે. હે ભુવનભૂષણ! મારું ધાર્યું હજુ બર આવતું નથી તો શું મારામાં તેવા

લીલાદલિતનિ:શેષ-કર્મજાલ ! કૃપાપર ! ।
મુક્તિમર્થયતે નાથ !, યેનાદ્યાપિ ન દીયતે ॥ ૧૦ ॥

સ્ફુટં ચ જગદાલમ્બ !, નાથેદં તે નિવેદ્યતે ।
નાસ્તીહ શરણં લોકે, ભગવન્તં વિમુચ્ય મે ॥ ૧૧ ॥

ત્વં માતા ત્વં પિતા બન્ધુ-સ્ત્વં સ્વામી ત્વં ચ મે ગુરુઃ ।
ત્વમેવ જગદાનન્દ !, જીવિતં જીવિતેશ્વર ! ॥ ૧૨ ॥

પ્રકારની અચલ ભક્તિ નથી શું ? કારણ બરાબર હોય તો કાર્યમાં ખામી આવે જ નહીં, માટે કારણ ક્યારે પ્રબળ થશે, તે તો મને કહો.

હે કૃપા નિધાન ! આપે રમત-રમતમાં સકલ કર્મની જાળ તોડી નાંખી છે. કર્મનાં બંધનોથી મને મુક્ત કરવાનું કાર્ય આપને માટે સહેલું છે. હું મુક્તિનો અર્થી છું, આપની પાસે મુક્તિ માગું છું. એવું શું આડું આવે છે કે હજુ પણ મને મુક્તિ આપતા નથી. મને હવે અહીં નથી ગમતું, મને ઉગારી લ્યો, મુક્તિમાં આપની પાસે લઈ લ્યો.

હે જગજ્જીવને આલંબન સ્વરૂપ, સ્વામી ! આપને એક વાત મારે કહેવી છે. આપ એ વાત ધ્યાનપૂર્વક સાંભળજો, એના પ્રત્યે દુર્લક્ષ્ય કરતા નહીં. વાત તો એ છે કે વિશ્વમાં મારે આપના સિવાય બીજું કોઈ શરણ નથી. મારે જે કાંઈ છો તે આપ જ છો. હવે આપને જે કરવું હોય તે કરો.

અહો જગદાનન્દ, નાથ ! આપ મારે માતા છો, મારા પિતા આપ છો, મારા ભ્રાતા આપ છો, મારા સ્વામી આપ છો, મારા ગુરુ આપ છો, આપ જ મારા જીવન છો, ને જીવનના માલિક પણ આપ જ છો.

ત્વયાઽવધીરિતો નાથ !, મીનવજ્જલવર્જિતે ।
નિરાશો દૈન્યમાલમ્બ્ય, મ્રિયેહં જગતીતલે ॥ ૧૩ ॥

સ્વસંવેદનસિદ્ધં મે, નિશ્ચલં ત્વયિ માનસમ્ ।
સાક્ષાદ્ભૂતાન્યભાવસ્ય, યદ્વા કિં તે નિવેદ્યતામ્ ॥૧૪॥

મચ્ચિત્તં પદ્મવન્નાથ ! દૃષ્ટે ભુવનભાસ્કરે ।
ત્વયીહ વિકસત્યેવ, વિદલત્કર્મકોશકમ્ ॥ ૧૫ ॥

અનન્તજન્તુસન્તાન-વ્યાપારાક્ષણિકસ્ય તે ।
મમોપરિ જગન્નાથ !, ન જાને કીદૃશી દયા ॥ ૧૬ ॥

હે મારા માલિક ! જો તમે જ મારો તિરસ્કાર કરો તો બીજો તો કોણ મારો બચાવ કરે ? આ પૃથ્વી પર મારું કોઈ નથી. પાણીથી વિછોયું માછલું જેમ તરફડીને મરી જાય તેમ હું પણ હતાશ થઈને દીનતાને ધારણ કરીને આપ વગર મરણ પામું. મારે તો આપ જ જે છો તે છો.

હે જિનવર ! હું આ મારા અનુભવથી કહું છું, જગતના બધા સંબંધોની-બીજા બધા ભાવોની મેં પરીક્ષા કરી લીધી છે. એમાં કાંઈ કહેવાપણું નથી. એકે કામના નથી. હવે તો આપનામાં મારું મન મેં નિશ્ચલ કર્યું છે. આપ એક જ સ્વાર્થ વગરના છો એ મને સ્પષ્ટ સમજાઈ ગયું છે.

હે અર્હન્ ! ભુવનભાસ્કર ! આપ અખિલ બ્રહ્માંડને પ્રકાશિત કરો છો, આપને જોવાની સાથે મારા કર્મ-કોશ ફૂટી જાય છે, બંધન તૂટી જાય છે ને ચિત્તરૂપી કમળ ખીલી ઊઠે છે.

હે જગદીશ્વર ! જગતના અનંતા જીવો શું કરે છે તે આપ સ્પષ્ટપણે સર્વ જાણો છો, તેમાં મારી પણ શું સ્થિતિ છે તે કાંઈ આપથી અજાણ્યું નથી. મને એ નથી સમજાતું કે આપની મારા પર કેવી દયા છે ! આપની કૃપા મારા પર બરાબર ઊતરે તો હું કેવો બનું એ આપ જ કહો.

સમુન્નતે જગન્નાથ !, ત્વયિ સદ્ધર્મનીરદે ।
નૃત્યત્યેષ મયૂરાભો, મદ્દોર્દણ્ડશિખણ્ડિકઃ ॥ ૧૭ ॥

તદસ્ય કિમિયં ભક્તિઃ, કિમુન્માદોયમીદશઃ ।
દીયતાં વચનં નાથ !, કૃપયા મે નિવેદ્યતામ્ ॥ ૧૮ ॥

મંજરીરાજિતે નાથ !, સચ્ચૂતે કલકોકિલઃ ।
યથા દૃષ્ટે ભવત્યેવ, લસત્કલકલાકુલઃ ॥ ૧૯ ॥

તથૈષ સરસાનન્દ-બિન્દુ-સન્દોહદાયક !,
ત્વયિ દૃષ્ટે ભવત્યેવ, મૂર્ખોપિ મુખરો જનઃ ॥ ૨૦ ॥

તદેનં માવમન્યેથાઃ, નાથાસમ્બદ્ધભાષિણમ્ ।
મત્વા જનં જગજ્યેષ્ઠ !, સન્તો હિ નતવત્સલાઃ ॥૨૧॥

હે નાથ ! સત્યધર્મ રૂપ જળને વરસાવનાર આપ મેઘ છો, આપ ઊંચે રહીને ગર્જારવ કરો છો, તે સાંભળીને મયૂર જેવો હું બન્ને બાહુ ઊંચા કરીને કલાપને ધારણ કરતો નાચી ઊઠું છું.

મારું આ વર્તન એ ભક્તિ છે, કે ઉન્માદ છે, એ આપ મારી ઉપર દયા કરીને બતાવો. મને કાંઈક કહો, વચન દ્યો, ઉત્તર આપો. હે નાથ ! આપ વચન આપો-તો મને શાંતિ મળે.

હે નાથ ! આમ્રવૃક્ષ મંજરીથી પિંજરીત થાય છે. ને કુહૂકુહૂ કરીને પંચમ સ્વરે કૂંજતી કોયલ વનને મધુર અવાજે ભરી દે છે. એ મુંગી રહી શકતી નથી. એનું કૂંજન અવિરત ચાલુ રહે છે.

તે પ્રમાણે હું અમન્દ આનંદને આપનારા આપને નિરખીને મૂક રહી શંકતો નથી. હું મૂર્ખ છું, મને કાંઈ પણ બોલતાં આવડતું નથી પણ આપના દર્શને મુખરિત-વાચાલ બની જાઉં છું.

હે નાથ ! અસમ્બદ્ધ-જેમને તેમ હું આપની પાસે બોલ્યા કરું છું તેથી આપ મારા પર ચીડાઈ જતા નહીં, મારો તિરસ્કાર કરતા નહીં. હે વિશ્વોત્તમ, મારા માલિક ! મને મૂર્ખ ને જડ માનીને હડસેલતા નહીં. સત્પુરુષો તો નમ્ર-ભક્ત પ્રત્યે પ્રેમ જ કરે છે.

કિં બાલોડલીકવાચાલ-આલજાલં લપન્નપિ ।
ન જાયતે જગન્નાથ !, પિતુરાનન્દવર્ધકઃ ॥ ૨૨ ॥

તથાડશ્લીલાક્ષરોલ્લાપ-જલ્પાકોડયં જનસ્તવ ।
કિંચિદ્ વર્ધયતે નાથ !, તોષં કિં નેતિ કથ્યતામ્ ॥૨૩॥

અનાદ્યભ્યાસયોગેન, વિષયાશુચિકર્દમે ।
ગર્તે શૂકરસંકાશં, યાતિ મે ચટુલં મનઃ ॥ ૨૪ ॥

ન ચાહં નાથ ! શક્નોમિ, તન્નિવારયિતું ચલમ્ ।
અતઃ પ્રસીદ તદ્દેવ-દેવ ! વારય વારય ॥ ૨૫ ॥

કિં મમાપિ વિકલ્પોડસ્તિ, નાથ ! તાવકશાસને ।
યેનૈવં લપતોડધીશ !, નોત્તરં મમ દીયતે ॥ ૨૬ ॥

હે જગદીશ્વર ! સાચું જુઠું-મનમાં આવે એવું, અસ્પષ્ટ અને અવ્યક્ત બોલતો બાળક શું પિતાને હર્ષ નથી પમાડતો? પમાડે જ છે.

હે નાથ ! નાના બાળકના જેમ હું પણ આપની પાસે ગમે તેમ-ગમતું ને ન ગમતું બોલે જ રાખું છું, આપ જ કહો કે એ આપને ગમે છે કે નથી ગમતું ? આપના આનંદમાં એથી વધારો થાય છે કે નહીં ? આપ કહો એટલે બસ.

હે અર્હન્ ! આપને શું કહું ? હું આ મારા મનથી હવે થાક્યો છું. લટુડા પટુડા કરતું એ ભૂંડ જેવું અનાદિકાળના સંસ્કારને કારણે ગંદા ને ગંધાતા, વિષય-કાદવથી ભરેલા ખાબોચિયામાં જાય છે ને મને ખેંચી જાય છે. એને ઉત્તમ ભાવો તો ભાવતા જ નથી.

હે નાથ ! મારા એ ચંચલ મનને હું રોકી શકતો નથી, મારા પર દયા લાવો ને મને બતાવો કે મારે શું કરવું? હે દેવના દેવ ! ગમે તેમ કરીને તે મનને વારો ! દૂર કરો! એથી મને બચાવો.

હે નાથ ! આપના શાસનમાં મને વિકલ્પ છે, મને શંકા છે, શું મને એ ગમતું નથી ? આપ મારામાં પૂરો વિશ્વાસ જોતા નથી ? કે આમ હું લવ્યા કરું છું છતા મને આપ ઉત્તર આપતા નથી ?

આરૂઢમિયતીં કોટિં, તવ કિંકરતાં ગતમ્ ।
મામપ્યેતેડનુધાવન્તિ, કિમદ્યાપિ પરિષહાઃ ॥ ૨૭ ॥

કિંચામી પ્રણતાશેષ-જનવીર્યવિધાયક ! ।
ઉપસર્ગા મમાદ્યાપિ, પૃષ્ઠિં મુઞ્ચન્તિ નો ખલાઃ ॥૨૮॥

પશ્યન્નપિ જગત્ સર્વં, નાથ ! માં પુરતઃ સ્થિતમ્ ।
કષાયારાતિ-વર્ગેણ, કિં ન પશ્યસિ પીડિતમ્ ॥ ૨૯ ॥

કષાયાભિદ્રુતં વીક્ષ્ય, માં હિ કારુણિકસ્ય તે ।
વિમોચને સમર્થસ્ય, નોપેક્ષા નાથ ! યુજ્યતે ॥ ૩૦ ॥

હે ભગવન્ ! આટલી ભૂમિકા સુધી હું પહોંચ્યો ને આપનો સેવક બન્યો. છતાં હજુ પણ આ પરિષહો મારી પાછળ કેમ પડ્યા છે ? આપે તો તેને મારીને જેર કરી નાખ્યાં છે. છતાં તે મને કેમ સતાવે છે ?

હે પરમાત્મન્ ! આપને જેઓ નમે છે, તેનામાં આપ અપૂર્વ વીર્ય પૂરો છો, હું પણ આપને ભાવપૂર્વક નમું છું, છતાં આ દુષ્ટ ઉપસર્ગો હજી મારી પાછળ કેમ પડ્યા છે મારાથી એ ડરતા નથી. હું નિર્બળ કેમ છું ? એ મારાથી દૂર થાય એવું કાંઈક કરો.

હે પ્રભો ! આ કષાય શત્રુઓ એકઠા મળીને મને પીડે છે. આપ સમસ્ત વિશ્વને જોઈ રહ્યા છો, આપની આગળ જ હું રહ્યો છું, મને આપ કેમ જોતા નથી ? આપની દૃષ્ટિ પડે એટલી જ વાર છે. પછી આ શત્રુમાંથી એક ઊભો રહેશે નહિ. આપ નજર કરો.

હે કરુણાળુ પરમાત્મન્ ! કષાયોથી પીડાતો હું છું, આપ તેનાં સકંજામાંથી મને છોડાવવા માટે સમર્થ છો. છતાં નાથ ! આપ ઉપેક્ષા શા માટે કરો છો, વિલંબ કેમ કરો છો ? આ ઠીક થતું નથી. આપનો હું છું છતાં આપ મને ન બચાવો એ યોગ્ય નથી.

વિલોકિતે મહાભાગ !, ત્વયિ સંસારતારકે ।
આસિતું ક્ષણમપ્યેકં, સંસારે નાસ્તિ મે રતિઃ ॥ ૩૧ ॥

કિન્તુ કિં કરવાણીહ, નાથ ! મામેષ દારુણઃ ।
આન્તરો રિપુસંઘાતઃ, પ્રતિબધ્નાતિ સત્વરમ્ ॥ ૩૨ ॥

વિધાય મયિ કારુણ્યં, તદેનં વિનિવારય ।
ઉદ્દામલીલયા નાથ !, યેનાગચ્છામિ તેન્તિકે ॥ ૩૩ ॥

તવાયત્તો ભવો ધીર !, ભવોત્તારોપિ તે વશઃ ।
એવં વ્યવસ્થિતે કિંવા, સ્થીયતે પરમેશ્વર ! ॥ ૩૪ ॥

તદ્દીયતાં ભવોત્તારો, મા વિલમ્બો વિધીયતામ્ ।
નાથ ! નિર્ગતિકોલ્લાપં, ન શૃણ્વન્તિ ભવાદૃશાઃ ॥૩૫॥

હે મહાભાગ ! ભગવન્ ! સંસારથી પાર ઉતારનારા આપને જોયા પછી એક ક્ષણ પણ સંસારમાં રહેવું મને ગમતું નથી. છાયા મળ્યા પછી કોણ એવો મૂર્ખ હોય કે જે તીવ્ર તાપમાં ગમે !

પણ હે પ્રભુ ! હું શું કરું ? આ ભયંકર આંતરિક શત્રુઓનો સમુદાય મને એકદમ અટકાવે છે મને મોક્ષમાર્ગમાં આગળ વધવા દેતો નથી. મને તેનાથી બચાવો.

હે નાથ ! મારા પર દયા કરો. આ અંદરના શત્રુને દૂર કરો. આપને એ રમતની વાત છે. એટલું થાય તો પછી મને આપની પાસે આવતા જરા પણ વાર નથી. તુરત જ હું આપની પાસે આવી જાઉં.

હે ધીર ! આ સંસાર આપને અધીન છે અને સંસારનો પાર પણ આપને વશ છે, આ પ્રમાણે વ્યવસ્થિત છે છતાં પણ આપ ચૂપ કેમ રહ્યા છો ? હે પરમેશ્વર ! કાંઈક તો હીલચાલ કરો.

હે નાથ ! મને સંસારનો પાર પમાડો, હવે વિલંબ ન કરો. હે કરુણાનિધાન ! શું આપ આ અનન્યગતિ-અશરણ આત્માની પ્રાર્થના-આરઝુ નહિ સાંભળો ! આપ જેવા નહિ સાંભળે તો કોણ સાંભળશે ? માટે હવે વાર ન લગાડો ને સામે પાર કરી દ્યો.

## કુમારપાલભૂપાલરચિત

# સાધારણજિનસ્તવના

નમ્રાખિલાખણ્ડલમૌલિરત્ન-
રશ્મિચ્છટાપલ્લવિતાઙ્ઘ્રિપીઠ ! ।
વિધ્વસ્ત-વિશ્વવ્યસનપ્રબન્ધ !
ત્રિલોકબન્ધો ! જયતાજ્જિનેન્દ્ર ! ॥ ૧ ॥

મૂઢોસ્મ્યહં વિજ્ઞપયામિ યત્ ત્વા-
મપેતરાગં ભગવન્ ! કૃતાર્થમ્ ।
ન હિ પ્રભૂણામુચિતસ્વરૂપ-
નિરૂપણાય ક્ષમતેઽર્થિવર્ગઃ ॥ ૨ ॥

સમવસરણમાં બિરાજમાન ભગવાન... ચરણોમાં ઝૂકેલ દેવેન્દ્રોના મુકુટોના મણિઓનાં ઝળાંહળાં તેજથી પ્રભુનું પાદપીઠ કાન્તિથી ઝળકી રહ્યું છે. પ્રભુ, મારા નાથ... જેમણે જગતનાં તમામ દુઃખોને દૂર કર્યા છે. જેઓ ત્રણે લોકના પ્રાણીઓના બંધુ છે...

પ્રભુ ! આપ જય પામો !

આપ છો અન્તર્યામી, સચરાચરના જ્ઞાતા, આપની આગળ મારા હૃદયના ભાવોની વાત હું શી રીતે કરું ?

આપની સ્તવના કરવા માટે પણ હું અસમર્થ છું. આપ છો વીતરાગ, હું રાગના દરિયામાં અથડાતો... આપ છો કૃતકૃત્ય... હું કૃત્યોના માર્ગમાં ખોડંગાતો...

હું છું આપનો ભક્ત... આપના ગુણોને વર્ણવવા હું તદ્દન અયોગ્ય છું.

આપને વિનતિ કરવા હું તૈયાર થયો છું, આ મારા અપરાધને ક્ષમજો, પ્રભુ !

મુક્તિં ગતોઽપીશ ! વિશુદ્ધચિત્તે,
ગુણાધિરોપેણ મમાસિ સાક્ષાત્ ।
ભાનુર્દવીયાનપિ દર્પણેંઽશુ-
સંગાન્ન કિં દ્યોતયતે ગૃહાન્તઃ ? ॥ ૩ ॥

તવ સ્તવેન ક્ષયમઙ્ગભાજાં,
ભજન્તિ જન્માર્જિતપાતકાનિ ।
કિયચ્ચિરં ચણ્ડરુચેર્મરીચિ-
સ્તોમે તમાંસિ સ્થિતિમુદ્વહન્તિ ॥ ૪ ॥

શરણ્ય ! કારુણ્યપરઃ પરેષાં,
નિહંસિ મોહજ્વરમાશ્રિતાનામ્ ।
મમ ત્વદાજ્ઞાં વહતોઽપિ મૂર્ધ્ના,
શાન્તિં ન યાત્યેષ કુતોઽપિ હેતોઃ ? ॥ ૫ ॥
ભવાટવીલંઘનસાર્થવાહં,
ત્વામાશ્રિતો મુક્તિમહં યિયાસુઃ ।
કષાયચૌરૈર્જિન ! લુટ્યમાનં,
રત્નત્રયં મે તદુપેક્ષસે કિમ્ ? ॥ ૬ ॥

નાથ ! આપ દૂર છોઃ મુક્તિપુરીમાં. પણ તોય, મારી ભક્તિ વડે મેં આપને મારા ચિત્તમાં પ્રતિબિમ્બિત કર્યા છે.

સૂર્ય ગમે એટલો દૂર હોય, દર્પણ હાથમાં હોય તો સૂર્યના પ્રકાશને અંધારિયા ઘરમાં રેલાતાં પણ શું વાર લાગે?

દેવ ! તમારી સ્તવના કરીએ, ને અમારાં જન્મોનાં પાપ ચૂર ચૂર થઈ જાય. તમારી પાસે આવવું... તમારું સાન્નિધ્ય... પાપોને કહી દઈએઃ 'બાપલડાં રે પાતિકડાં ! તમે શું કરશો હવે રહીને રે...?'

અંધારું ગમે તેવું ગાઢ હોય, સૂર્ય ઝળાંહળાં થઈને પ્રકાશે એટલે અંધકાર છૂ...! તેમ આપ મનમન્દિરમાં પધારો, પાપાંધકારનું પછી શુ ગજું ?

હે કરુણા સાગર, પ્રભુ ! આપ બીજા ભક્તોના મોહના રોગને દૂર કરો છો, તો આપની આજ્ઞાને મસ્તકે વહન કરતાં મારી વ્યાધિને આપ કેમ ન હરો ?

પ્રભુ ! આપ સંસાર રૂપી મહા અટવીને પેલે પાર લઈ જનાર સાર્થવાહ છો, મારે અટવીને પેલે પાર જાવું છે. હું આપને શરણે આવ્યો છું ને છતાં આન્તર શત્રુઓ મારી રત્નત્રયીને કેમ લૂંટી શકે ?

લબ્ધોઽસિ સ ત્વં મયકા મહાત્મા,
ભવામ્બુધૌ બંભ્રમતા કથંચિત્ ।
આઃ ! પાપપિણ્ડેન નતો ન ભક્ત્યા,
ન પૂજિતો નાથ ! ન તુ સ્તુતોઽસિ ॥ ૭ ॥
સંસારચક્રે ભ્રમયન્ કુબોધ-
દણ્ડેન માં કર્મમહાકુલાલઃ ।
કરોતિ દુઃખપ્રચયસ્થભાણ્ડં,
તતઃ પ્રભો ! રક્ષ જગચ્છરણ્ય ! ॥ ૮ ॥
કદા ત્વદાજ્ઞાકરણાપ્તતત્ત્વ-
સ્ત્યક્ત્વા મમત્વાદિ ભવૈકકન્દમ્ ।
આત્મૈકસારો નિરપેક્ષવૃત્તિ-
ર્મોક્ષેપ્યનિચ્છો ભવિતાસ્મિ નાથ ! ॥ ૯ ॥
તવ ત્રિયામાપતિકાન્તિકાન્તૈ-
ર્ગુણૈર્નિયમ્યાત્મમનઃ પ્લવઙ્ગમ્ ।
કદા ત્વદાજ્ઞામૃતપાનલોલઃ,
સ્વામિન્ ! પરબ્રહ્મરતિં કરિષ્યે ॥ ૧૦ ॥
એતાવતીં ભૂમિમહં ત્વદઙ્ઘ્રિ-
પદ્મપ્રસાદાદ્ ગતવાનધીશ ! ।
હઠેન પાપાસ્તદપિ સ્મરાદ્યાઃ,
હિ મામકાર્યેષુ નિયોજયન્તિ ॥ ૧૧ ॥

પ્રભુ ! ઘણો કાળ સંસાર સાગરમાં રખડ્યા પછી પુણ્યરાશિ એકઠી થઈ ત્યારે તમે મળ્યા, પણ પાપકર્મથી ભરેલા એવા મેં આપની સેવા ન કરી... કેવી આ મારી મૂર્ખતા !

પ્રભુ ! આ કર્મ રૂપ કુંભાર સંસાર રૂપી ચાકડા ઉપર અજ્ઞાન રૂપી દંડથી મને ભમાવે છે અને અસીમ દુઃખોમાં મને ઝોંકે છે. પ્રભુ ! તું મને રક્ષ આ કર્મસત્તાથી...

હે નાથ ! તમારી આજ્ઞાના પાલન દ્વારા આપ્તતત્ત્વ બનીને મમત્વ વગેરે સંસારના કારણોને છોડીને આત્મૈકસાર અને નિરપેક્ષવૃત્તિ બની હું ક્યારે મોક્ષને વિષે પણ નિરીહ-ઈચ્છા વગરનો બનીશ ?

પ્રભુ ! તમારા ચન્દ્ર જેવા મનોહર ગુણોની દોરી વડે મારા મન-વાંદરાની ચપળતાને નાથીને તમારી આજ્ઞાના અમૃતના પાનમાં લોલુપ બનેલ હું પરબ્રહ્મ રતિને ક્યારે પામીશ ?

પ્રભુ ! આપની ચરણ સેવાના બળે હું સાધનાના આ પડાવે પહોંચ્યો છું, જે પૂર્વ પુણ્યથી મળે છે... છતાં કામ વગેરે તત્ત્વો મને અકાર્યમાં પરાણે નાખે છે, હું શું કરું, કહો તો ?

ભદ્રં ન કિં ત્વય્યપિ નાથ ! નાથે,
સમ્ભાવ્યતે મે યદપિ સ્મરાદ્યાઃ ।
અપાક્રિયન્તે શુભભાવનાભિઃ,
પૃષ્ઠિં ન મુઞ્ચન્તિ તથાપિ પાપાઃ ॥ ૧૨ ॥
ભવામ્બુરાશૌ ભ્રમતઃ કદાપિ,
મન્યે ન મે લોચનગોચરોઽભૂઃ ।
નિસ્સીમસીમન્તકનારકાદિ-
દુઃખાતિથિત્વં કથમન્યથેશ ! ॥ ૧૩ ॥
ચક્રાસિચાપાઙ્કુશવજ્રમુખ્યૈઃ,
સલ્લક્ષણૈર્લક્ષિતમઙ્‌ઘ્રિયુગ્મમ્ ।
નાથ ! ત્વદીયં શરણં ગતોસ્મિ,
દુર્વારમોહાદિ-વિપક્ષભીતઃ ॥ ૧૪ ॥
અગણ્યકારુણ્ય ! શરણ્ય ! પુણ્ય !,
સર્વજ્ઞ ! નિષ્કણ્ટક ! વિશ્વનાથ ! ।
દીનં હતાશં શરણાગતં ચ,
માં રક્ષ રક્ષ સ્મરભિલ્લભલ્લેઃ ॥ ૧૫ ॥
ત્વયા વિના દુષ્કૃતચક્રવાલં,
નાન્યઃ ક્ષયં નેતુમલં મમેશ ! ।
કિં વા વિપક્ષપ્રતિચક્રમૂલં,
ચક્રં વિના છેત્તુમલંભવિષ્ણુઃ ॥ ૧૬ ।

પ્રભુ ! તમારા જેવા નાથ મને મળ્યા હોય ત્યારે કેવી તો સુખની વર્ષા થયા કરતી હોય... પણ એ સુખની વાદળીઓને કામ આદિ પવન વીખેરી નાંખે છે... શું કરું હું ?

મને લાગે છે કે અગણિત જન્મોથી સંસારમાં ભટકતા એવા મેં આપનું દર્શન નથી કર્યું: જો દર્શન થયેલ હોય તો નરકાદિની વેદનાઓ ક્યાંથી હોત ?

ચક્ર આદિ લક્ષણોથી સુશોભિત આપના ચરણ યુગલનો મેં આશ્રય લીધો છે. હવે મોહ આદિ શત્રુઓનો ભય કેવો ?

અગણિત કરુણાના ભંડાર, શરણ્ય, પુણ્ય, પવિત્ર ! સર્વજ્ઞ ! નિષ્કંટક શાસન જેમનું ચાલે છે એવા હે વિશ્વનાથ ! પ્રભુ ! દીન, હતાશ અને શરણે આવેલ મને કામરૂપી ચોરોના ત્રાસમાંથી બચાવો !

પ્રભુ ! આપના જેવા સમર્થ નાથ મેં ક્યાંય મેળવ્યા નથી... વાસુદેવના ચક્રથી જેમ શત્રુદળ ચૂર-ચૂર થાય તેમ આપની આ સમર્થતા દ્વારા આન્તર શત્રુઓ દૂર હટે છે.

યદ્દેવદેવોऽસિ મહેશ્વરોऽસિ,
બુદ્ધોऽસિ વિશ્વત્રયનાયકોऽસિ ।
તેનાન્તરઙ્ગારિગણાભિભૂતઃ,
તવાગ્રતો રોદિમિ હા ! સખેદમ્ ॥ ૧૭ ॥
સ્વામિન્નધર્મવ્યસનાનિ હિત્વા,
મનઃ સમાધૌ નિદધામિ યાવત્ ।
તાવત્ક્રુધેવાન્તરવૈરિણો મા-
મનલ્પમોહાન્ધ્યવશં નયન્તિ ॥ ૧૮ ॥

ત્વદાગમાદ્ વેદ્મિ સદૈવ દેવ !,
મોહાદયો યન્મમ વૈરિણોऽમી ।
તથાપિ મૂઢસ્ય પરાપ્તબુદ્ધ્યા,
તત્સન્નિધૌ હી ન કિમપ્યકૃત્યમ્ ॥ ૧૯ ।
મ્લેચ્છૈર્નૃશંસૈરતિરાક્ષસૈશ્ચ,
વિડમ્બિતોऽમીભિરનેકશોऽહમ્ ।
પ્રાપ્તસ્ત્વિદાનીં ભુવનૈકવીર !,
ત્રાયસ્વ માં યત્તવ પાદલીનમ્ ॥ ૨૦ ॥
હિત્વા સ્વદેહેऽપિ મમત્વબુદ્ધિં,
શ્રદ્ધાપવિત્રીકૃતસદ્વિવેકઃ ।
મુક્તાન્યસંગઃ સમશત્રુમિત્રઃ,
સ્વામિન્ ! કદા સંયમમાતનિષ્યે ॥ ૨૧ ॥

આપ દેવોના દેવ છો. મહેશ્વર છો. બુદ્ધ છો. ત્રણ વિશ્વના નેતા છો. તેથી કરીને આન્તર શત્રુઓના મારથી ત્રસ્ત હું આપને શરણે આવ્યો છું.

સ્વામિન્ ! વિષય કષાયથી પર બનીને જ્યાં હું મનને સમાધિમાં, તમારામાં ડુબાડું છું, ત્યાં જ જોરથી આન્તરશત્રુઓ મારા પર તૂટી પડે છે. તમારી કૃપાધારાનો સૂર્ય પ્રકાશતો હોવા છતાં હું મારા અંધારઘેરા ખંડમાં મોહાવૃત બની જાઉં છું.

નાથ ! તમારા આગમ ગ્રન્થોથી જાણું છું કે મોહ આદિ મારા શત્રુઓ છે. છતાં પણ મારું આ જાણપણું એવું તો ધૂળમાં મળે છે કે દુશ્મનોને આપ્તજન તરીકે સ્વીકારી મારી જાત તેમને હવાલે કરી દઉં છું.

મ્લેચ્છ, ઘાતકી, રાક્ષસ જેવા આન્તર-શત્રુઓએ મને અનેકવાર પીડ્યો છે. હે જગતબંધુ ! હવે હું આપને શરણે આવ્યો છું, મને બચાવો !

શરીરમાં મમત્વનો ત્યાગ, શ્રદ્ધા વડે પવિત્ર થયેલ વિવેક, અન્યોના સંગથી દૂરી, સમશત્રુ-મિત્રતા આદિને પામીને હું ક્યારે સંયમપથ પર ચાલીશ ? સંયમને ક્યારે હું વિસ્તારીશ ?

ત્વમેવ દેવો મમ વીતરાગ !,
ધર્મો ભવદ્દર્શિતધર્મ એવ ।
ઇતિ સ્વરૂપં પરિભાવ્ય તસ્મા-
ન્નોપેક્ષણીયો ભવતા સ્વભૃત્યઃ ॥ ૨૨ ॥
જિતા જિતાશેષસુરાસુરાદ્યાઃ,
કામાદયઃ કામમમી ત્વયેશ ! ।
ત્વાં પ્રત્યશક્તાસ્તવ સેવકં તુ,
નિઘ્નન્તિ હિ માં પરુષં રુષૈવ ॥ ૨૩ ॥
સામર્થ્યમેતદ્ભવતોઽસ્તિ સિદ્ધિં,
સત્ત્વાનશેષાનપિ નેતુમીશ ! ।
ક્રિયાવિહીનં ભવદઙ્‌ઘ્રિલીનમ્,
દીનં ન કિં રક્ષસિ માં શરણ્ય ? ॥ ૨૪ ॥
ત્વત્પાદપદ્મદ્વિતયં જિનેન્દ્ર !,
સ્ફુરત્યજસ્રં હૃદિ યસ્ય પુંસઃ ।
વિશ્વત્રયીશ્રીરપિ નૂનમેતિ,
તત્રાશ્રયાર્થં સહચારિણીવ ॥ ૨૫ ॥
અહં પ્રભો ! નિર્ગુણચક્રવર્તી,
ક્રૂરો દુરાત્મા હતકઃ સપાપ્મા ।
હી દુઃખરાશૌ ભવવારિરાશૌ,
યસ્માન્નિમગ્નોઽસ્મિ ભવદ્વિમુક્તઃ ॥ ૨૬ ॥

આપ મારા દેવ છો, આપે દર્શાવેલ ધર્મ જ મારો ધર્મ છે, આટલું જ કહેવું છે : આ દાસની ઉપેક્ષા ન કરશો.

દેવો અને દાનવોને જીતનાર કામ આદિ આન્તર શત્રુઓ મારા પર રોષ વડે તૂટી પડે છે... તમારા તરફ કશું ન કરી શકતા હોઈ તમારા સેવકને એ હેરાન કરે છે.

પ્રભુ ! આપનું સામર્થ્ય એવું અપૂર્વ છે કે આપ બધા જ ભવ્યોને તારી દો... હે શરણ્ય ! તો આપના શરણે આવેલા, દીન એવા મને કેમ આપ અપવાદ રૂપ ગણો છો ?

પ્રભુ ! તમારા ચરણ કમળનું ધ્યાન જે સતત કરે છે, તેને ત્રણ વિશ્વની લક્ષ્મી પણ સહચરી જેવી થાય છે.

હું નિર્ગુણ, ક્રૂર, દુષ્ટ, હિંસક અને પાપી છું... આપના આલંબન વિનાનો હું દુઃખરાશિ સમ સંસાર સમુદ્રમાં પડ્યો છું.

સ્વામિન્ ! નિમગ્નોઽસ્મિ સુધાસમુદ્રે,
યન્નેત્રપાત્રાતિથિરદ્ય મેઽભૂઃ ।
ચિન્તામણૌ સ્ફૂર્જતિ પાણિપદ્મે,
પુંસામસાધ્યો નહિ કશ્ચિદર્થઃ ॥ ૨૭ ॥
ત્વમેવ સંસારમહામ્બુરાશૌ,
નિમજ્જતો મે જિન ! યાનપાત્રમ્ ।
ત્વમેવ મે શ્રેષ્ઠસુખૈકધામ,
વિમુક્તિરામાઘટનાભિરામઃ ॥ ૨૮ ॥
ચિન્તામણિસ્તસ્ય જિનેશ ! પાણૌ,
કલ્પદ્રુમસ્તસ્ય ગૃહાઙ્ગણસ્થઃ ।
નમસ્કૃતો યેન સદાપિ ભક્ત્યા,
સ્તોત્રૈઃ સ્તુતો દામભિરર્ચિતોઽસિ ॥ ૨૯ ॥
નિમીલ્ય નેત્રે મનસઃ સ્થિરત્વં,
વિધાય યાવજ્જિન ! ચિન્તયામિ ।
ત્વમેવ તાવન્ન પરોઽસ્તિ દેવો,
નિઃશેષકર્મક્ષયહેતુરત્ર ॥ ૩૦ ॥
ભક્ત્યા સ્તુતા અપિ પરે પરયા પરેભ્યો,
મુક્તિં જિનેન્દ્ર ! દદતે ન કથંચનાપિ ।
સિક્તાઃ સુધારસઘટૈરપિ નિમ્બવૃક્ષા,
વિશ્રાણયન્તિ ન હિ ચૂતફલં કદાચિત્ ॥ ૩૧ ॥

મારી આંખરૂપ ચકોર પક્ષીને પરમાત્મારૂપ ચન્દ્ર મળ્યો, હવે મારા આનંદનું શું પૂછવું ? ચિન્તામણિ રત્ન હાથમાં હોય તો કઈ ચીજ ન મળે ?

હે દેવ ! સંસાર સમુદ્રમાં ડૂબતા મારા માટે આપ વહાણ છો. અને મારા મુક્તિસુખનું કારણ પણ આપ છો...

હે પ્રભુ ! જે ભાગ્યશાળીએ ભક્તિપૂર્વક સદા આપને નમસ્કાર કર્યા, સ્તોત્રો વડે સ્તવ્યા અને પુષ્પમાળા વડે પૂજ્યા તેના હાથમાં ચિન્તામણિ રત્ન છે અને તેના ઘરને આંગણે કલ્પવૃક્ષ છે.

આંખોને બંધ કરીને, મનને સ્થિર કરીને જ્યારે વિચારું છું ત્યારે લાગે છે કે આપ જ મારા કર્મક્ષયના હેતુ રૂપ છો.

મેં અન્ય દેવોને ભક્તિ પૂર્વક સ્તવ્યા, પરંતુ તેઓ મને મુક્તિ સુખ આપનારા ન થયા, લીંબડાને અમૃતકુંભથી સીંચીએ તોય આંબાનાં મીઠાં ફળ તે ક્યાંથી આપે ?

ભવજલનિધિમધ્યાન્નાથ ! નિસ્તાર્ય કાર્યઃ,
શિવનગરકુટુમ્બી નિર્ગુણોઽપિ ત્વયાઽહમ્ ।
નહિ ગુણમગુણં વા સંશ્રિતાનાં મહાન્તો,
નિરુપમકરુણાર્દ્રાઃ સર્વથા ચિન્તયન્તિ ॥ ૩૨ ॥

પ્રાપ્તસ્ત્વં બહુભિઃ શુભૈસ્ત્રિજગતશ્ચૂડામણિર્દેવતા,
નિર્વાણપ્રતિભૂરસાવપિ ગુરુઃ શ્રીહેમચન્દ્રપ્રભુઃ ।
તન્નાતઃ પરમસ્તિ વસ્તુ કિમપિ સ્વામિન્ ! યદભ્યર્થયે,
કિન્તુ ત્વદ્વચનાદરઃ પ્રતિભવં સ્તાદ્ વર્ધમાનો મમ ॥૩૩॥

હે નાથ ! સંસારરૂપ સમુદ્રથી મને ઉદ્ધરી મોક્ષનગરમાં આપ લઈ જાવ ! જો કે હું નિર્ગુણી છું, પરંતુ મહાપુરુષો કરુણાથી યુક્ત હોય છે, તેઓ સામી વ્યક્તિના દોષને જોતા નથી...

પ્રભુ ! મહા પુણ્યે આપ મળ્યા, હેમચન્દ્રાચાર્ય જેવા સદ્‌ગુરુ મળ્યા, હવે એવી કોઈ ચીજ નથી, જે બાકી હોય... માત્ર આટલું જ માગું કે તમારા પ્રત્યેનો મારો આદરભાવ દિન પ્રતિદિન વધ્યા કરો !

### શ્રીસિદ્ધર્ષિગણીદ્વારારચિત

# શ્રીજિનસ્તવનાનો ગૂર્જરપદ્યાનુવાદ

### પૂ.આ.ભ. શ્રી ધર્મધુરન્ધરસૂરીશ્વરજી મહારાજ

પ્રભો ! ઘોર સંસારમાંહે ડૂબેલા,
જનોને તમે તારતા તો'ય વ્હેલા;
મને ડૂબતો ઘોર સંસારમાંહે,
મૂકી કેમ ચાલ્યા ગયા મોક્ષમાંહે. ૧
તમારા ગુણે ભાવના શુદ્ધ આવે,
જગદ્‌બંધુ ! વંદુ ભલા ભક્તિ ભાવે;
તથાપિ મને તારતાં કોણ વારે ?
તમોને વધુ શું કહેવું અમારે ? ૨
દયાના સુધા સિન્ધુ આવ્યો તમારે,
અતિદીન ને હીન હું શરણ ત્યારે;
ન શોભે તમોને પ્રભો ! મૌન રાખ્યું,
કરો કાંઈ પણ એહ મેં સત્ય ભાખ્યું. ૩
મને કેમ સંસાર કાંતાર માંહે,
ભયોથી ભર્યા દુષ્ટ દાવાગ્નિ દાહે;
દયાળુ ! તમે એકલો કેમ મૂક્યો,
લઘુ બાળ સારંગ શો સાથ ચૂક્યો. ૪

અહીં ને તહીં ચપળ ચક્ષુથી જોતો,
બળેલો જળેલો નિરાધાર રોતો;
વિના આપ ના કોઈ આધાર મારે,
પ્રભો ! નાથ ! તારો મને લ્યો કિનારે. ૫
અનન્તું મહાવીર્ય છે આપ પાસે,
જગજ્જીવ જીવે પ્રભુ આપ આશે;
મને પાર સંસાર વનથી કરો તો,
બનું મુક્ત ભયથી સદા હું પનોતો. ૬
પડે સૂર્યના અંશુઓ પદ્મખંડે,
ખીલે પદ્મ સૌરભ ભરે ખંડખંડે;
જગન્નેત્ર સ્વામી ! રહો જો હજૂરે,
મળે શાન્તિ પૂરી પરિતાપ દૂરે. ૭
શું આ કર્મનો દોષ છે દુષ્ટ મોટો,
અભાગી અરે ! હું જ શું છેક ખોટો;
કલિકાલ કાં ક્રૂરતાથી ડરાવે,
નથી મારી શું ભવ્યતા ભવ્ય આવે. ૮
ખરી ભક્તિથી આપ આધીન થાઓ,
નથી એવી શું ભક્તિ મારી બતાવો;
અને વિશ્વ શણગાર અણગાર ! ક્યારે,
તમારે વિષે એ થશે અચલ મારે. ૯

કૃપાળુ ! તમે સહજમાં જાળ તોડી,
કુકર્મોની વંદુ વિભો ! હાથ જોડી;
મને મુક્તિ દ્યો પ્રાર્થના નાથ ! મારી,
ન રહેવું અહિં લ્યો મને ઝટ ઉગારી. ૧૦
પ્રભો ! સ્પષ્ટ વિશ્વાવલંબન ! તમોને,
નિવેદન કરું સાંભળોને અમોને;
તમારા વિના નાથ ! નહીં અન્ય મારે,
જગત્શરણ ! છે શરણ અહીં કોઈ ક્યારે ? ૧૧
તમે માત ને તાત બન્ધુ ઉદારા,
વળી સ્વામી છો, છો ગુરુરાજ ન્યારા;
જગદ્ હર્ષદાયી પ્રભો ! પ્રાણપ્યારા,
અહો ! જીવજીવન જીવિતેશ મારા. ૧૨
તમે જો તિરસ્કાર મારો કરો તો,
વિના નીરમાં મીન શો જન્મ ખોતો;
બધી આશ મારી મરી જાય સ્વામી,
અતિ દીન છું ભૂતલે હું અનામી. ૧૩
મને સિદ્ધ છે સ્વાનુભવથી ખરે આ,
પ્રભો ! તું વિષે ચિત્ત નિશ્ચલ રહે આ;
બીજા સર્વ સંબંધ જોયા તપાસી,
વધુ શું કહું હું રહ્યો છું ઉદાસી. ૧૪

પ્રભો ! વિશ્વભાનુ તમે જો પ્રકાશો,
વિલોકી તમોને પૂરી થાય આશો,
કુકર્મો તણાં કોશ સહુ સદ્ય તૂટે,
ખીલે પદ્મ શું ચિત્ત સંક્લેશ છૂટે. ૧૫
અનન્તા જીવોનાં સમૂહોની વાતો,
બધી આપ જાણો કથં હું ભૂલાતો;
કરો સર્વની શુદ્ધ રક્ષા સ્વભાવે,
દયા કેમ મારે વિષે નાથ ! નાવે. ૧૬
પ્રભો ! આપ છો પુષ્કરાવર્ત પ્યારા,
ઊંચે ગરજતા વરસતા ધર્મધારા;
કરી બાહુ બન્ને ઊંચા હું કલાપી,
બની મોર નાચી રહું કર્મ કાપી. ૧૭
શું આ ભક્તિ છે કે ઉન્માદ છે આ,
બતાવો તમે સ્પષ્ટ દેવાધિદેવા;
દયા લાવીને વચન દ્યો નાથ એવું,
કહો હોય જેવું મને સત્ય તેવું. ૧૮
ખીલે મંજરી આમ્રવૃક્ષો વસંતે,
મહાવાયુ સૌરભ ભરે ત્યાં દિગંતે;
મદોન્મત થૈ કોકિલા અંગભંગે,
મધુરે સ્વરે કૂજતી રાગરંગે. ૧૯

તથા સર્વને આપ આનંદ આપો,
અનાદિ મહા મોહના મૂળ કાપો;
વિભો ! આપને જોઈને હર્ષ પામી,
અતિ મૂર્ખ પણ હું બનું મુખર સ્વામી. ૨૦
મને જેમ ને તેમ વદતો વિચારી,
અવજ્ઞા ન કરજો દીનાનાથ મારી;
જગત્પૂજ્ય છો આપ ને મૂર્ખ છું હું,
કૃપા સર્વ પર સંત કરતા પરંતુ. ૨૧
વદે જેવું તેવું અહીં બાળ નાનો,
અરે કલબલે સહજ પણ રહે ન છાનો;
પિતા હર્ષ પામી કહે દેવદાનો,
ખરેખર પ્રભુ ! આપ માનો ન માનો. ૨૨
ગમે તેમ હું આપ પાસે કહું છું,
ગમે કે ગમે ના, તમોને ચહું છું;
હું છું આપનો, આપ મારે શિરે છો,
મને હાથ ઝાલી પ્રભુ તારી લેજો. ૨૩
અરે, શબ્દને રૂપ રસ ગંધ સ્પર્શે,
અતિ ચપલ મન મારું યાચે સહર્ષે;
અશુચિભર્યાં ગર્તમાં ભૂંડ જેવું,
રમે છે ભમે છે ખરે ચિત્ત કેવું. ૨૪

નિવારી શકું ના ચપલ ચિત્ત કેમે,
ન રાખી શકું સ્વસ્થ એ નાથ ! કેમે;
અશક્તિ અતિ તોય આસક્ત એમાં,
કરો જો કૃપા, થાય દૂરે અરે આ. ૨૫
મને શું વિકલ્પો તમારે વિષે છે,
ગમે શું ન શાસન તમારું વિશેષે;
તમે કેમ ના સાંભળો નાથ ! મારું,
વિલાપો કરું તોય વદતા ન વારું. ૨૬
પરિપાક ભવ્યત્વનો થાય જ્યારે,
ચડે ભૂમિકા આટલી સહજ ત્યારે;
પ્રભો ! આપનો દાસ છું તોય મારી,
પડ્યા કેમ પૂંઠે પરિષહ અપારી. ૨૭
ત્રિધા ભક્તિથી આપને શીષ નામે,
અહો વીર્ય તેનું પરિણામ પામે;
મને તોય શાને સતાવે નઠારી,
ઉપાધિ બધી પૂંઠ છોડે ન મારી. ૨૮
કષાયો મને કષ્ટ આપે રૂલાવે,
પ્રભો ! દૃષ્ટિ તારી પડે એ ન ફાવે;
અહો ! સર્વ સંસાર છે સ્પષ્ટ તારે,
સમીપે રહ્યો છું, મને શું વિસારે ?. ૨૯

દયાના પ્રભુ પુણ્ય ભંડાર પૂરા,
સકલ વિશ્વને તારવા શક્ત શૂરા;
તથાપિ કષાયો મને કેમ પીલે,
હજુ ઢીલ શાને કરો મધ્ય ચીલે. ૩૦
મહાભાગ ! સંસારથી તારનારા,
મળ્યા આપ દુષ્કર્મને વારનારા;
હવે ના ગમે એક ક્ષણ પણ રહેવું,
અહીં આપને શું વધારે કહેવું ? ૩૧
પરંતુ કરું શું કહો નાથ ! મારા,
અરે દુષ્ટ આ શત્રુઓ છે અકારા;
બધું ધર્મ લૂંટી લે રોકી રાખે,
બચાવે મને કોણ અહિં આપ પાખે. ૩૨
કરો ને કૃપા મમ વિષે ને નિવારો,
સકલ શત્રુને પામીને જેમ આરો;
તમારી લીલાનો નથી પાર સ્વામી,
મને લ્યો સમીપે પરમ ધર્મધામી. ૩૩
અરે ધીરના ધીર સંસાર તારે,
વશે છે, તવાધીન સંસાર પારે;
વ્યવસ્થા બધી એ પ્રમાણે છતાં યે,
પ્રભો ? કેમ નિઃસ્પંદ, શું કૈં ન થાયે. ૩૪

મને પાર સંસારનો આપ આપો,
હવે ઢીલ ધારો નહિ કર્મ કાપો;
સુણો શું નહિ નાથ ! નિર્ભાગી વાણી,
વિલાપો કરું કરુણ કરુણાબ્ધિ જાણી. ૩૫

શ્રી કુમારપાલ ભૂપાલ દ્વારા રચિત

# સાધારણ જિનસ્તવનાનો ગુજરાતી પદ્યાનુવાદ

સર્વે સુરેન્દ્રોના નમેલા, મુકુટ તેના જે મણિ,
તેના પ્રકાશે ઝળહળે, પાદપીઠ તેના જે ધણી;
આ વિશ્વના દુઃખો બધાયે, છેદનારા હે પ્રભુ !
જય જય થજો જગબન્ધુ ! તુમ એમ, સર્વદા ઈચ્છું વિભુ! ૧

વીતરાગ ! હે કૃતકૃત્ય ! ભગવન્ ! આપને શું વિનવું ?
હું મૂર્ખ છું મહારાજ! જેથી, શક્તિહીન છતાં સ્તવું;
શું અર્થિવર્ગ યથાર્થ સ્વામીનું, સ્વરૂપ કહી શકે ?
પણ પ્રભો! પૂરી ભક્તિ પાસે, યુક્તિઓ એ ના ઘટે. ૨

હે નાથ ! નિર્મલ થઈ વસ્યા છો, આપ દૂરે મુક્તિમાં,
તોયે રહ્યા ગુણ ઓપતા, મુજ ચિત્ત રૂપી સુક્તિમાં;
અતિ દૂર એવો સૂર્ય પણ શું, આરસીના સંગથી,
પ્રતિબિંબ રૂપે આવી અહીં, ઉદ્યોતને કરતો નથી? ૩

પ્રાણી તણાં પાપો ઘણાં, ભેગા કરેલાં જે ભવે,
ક્ષીણ થાય છે ક્ષણમાં બધાં, તે આપને સારે સ્તવે;
અતિ ગાઢ અંધારાતણું પણ, સૂર્ય પાસે શું ગજું,
એમ જાણીને આનંદથી હું, આપને નિત્યે ભજું. ૪

શરણ્ય! કરુણા-સિંધુ! જિનજી!, આપ બીજા ભક્તના,
મહામોહ વ્યાધિને હણો છો, શુદ્ધ સેવાસક્તના;
આનંદથી હું આપ આણા, મસ્તકે નિત્યે વહું,
તોયે કહો કોણ કારણે, એ વ્યાધિના દુઃખો સહું ? ૫

સંસારરૂપ મહાટવીમાં, સાર્થવાહ ! પ્રભુ તમે,
મુક્તિપુરી જાવા તણી, ઈચ્છા અતિશય છે મને;
આશ્રય કર્યો તેથી પ્રભો ! તુજ તો ય આન્તર-તસ્કરો,
મુજ રત્નત્રય લૂંટે વિભો ! રક્ષા કરો રક્ષા કરો. ૬

બહુ કાલ આ સંસાર સાગરમાં, પ્રભુ ! હું સંચર્યો,
થઈ પુણ્યરાશિ એકઠી, ત્યારે જિનેશ્વર ! તું મલ્યો;
પણ પાપકર્મ ભરેલ મેં, સેવા સરસ નવ આદરી,
શુભયોગને પામ્યા છતાં મેં, મૂર્ખતા બહુએ કરી ! ૭

આ કર્મરૂપ કુલાલ મિથ્યા-જ્ઞાન રૂપી દંડથી,
ભવચક્ર નિત્ય ભમાવતો, દિલમાં દયા ધરતો નથી;
કરી પાત્ર મુજને પૂંજ દુઃખનો, દાબી દાબીને ભરે,
વિણ આપ આ સંસાર કોણ, રક્ષા કહો એથી કરે ? ૮

ક્યારે પ્રભો ! સંસારકારણ, સર્વ મમતા છોડીને,
આજ્ઞા પ્રમાણે આપની, મન તત્ત્વજ્ઞાને જોડીને;
રમીશ આત્મવિષે વિભો ! નિરપેક્ષવૃત્તિ થઈ સદા,
ત્યજીશ ઈચ્છા મુક્તિની, પણ સન્ત થઈને હું કદા ? ૯

તુજ પૂર્ણ શશિની કાન્તિ સરખા, કાન્તગુણ દૃઢ દોરથી,
અતિ ચપલ મુજ મન વાંદરાને, બાંધીને બહુ જોરથી;
આજ્ઞા રૂપી અમૃતરસોના, પાનમાં પ્રીતિ કરી,
પામી પરબ્રહ્મે રતિ, ક્યારે વિભાવો વિસરી ? ૧૦

હું હીનથી પણ હીન છું, તુમ ચરણસેવાને બળે,
આવ્યો અહીં ઊંચી હદે, જે પૂર્ણ પુણ્ય થકી મળે;
તો પણ હઠીલી પાપી કામાદિકતણી ટોળી મને,
અકાર્યમાં પ્રેરે પરાણે, પીડતી નિર્દયપણે. ૧૧

કલ્યાણકારી દેવ ! તુમ સમ, સ્વામી મુજ માથે છતે,
કલ્યાણ કો નવિ સંભવે, જો વિઘ્ન મુજ નવ આવતે;
પણ મદન આદિક શત્રુઓ, પૂંઠે પડ્યા છે માહરે,
દૂરે કરું શુભભાવનાથી, પાપીઓ પણ નવ મરે. ૧૨

સંસારરૂપ સમુદ્રમાં, ભમતા અનાદિકાલથી,
હું માનું છું કે આપ કદી, મુજ દૃષ્ટિએ આવ્યા નથી;
નહીતર નરકની વેદના, સીમા વિનાની મેં પ્રભુ !
બહુ દુઃખથી જે ભોગવી, તે કેમ પામું હું વિભુ ! ૧૩

તલવાર, ચક્ર, ધનુષ્ય ને, અંકુશથી જે શોભતું,
વજ્ર પ્રમુખ શુભ ચિહ્નથી, શુભભાવવલ્લી રોપતું;
સંસાર તારક આપનું, એવું ચરણયુગ નિર્મલું,
દુર્વાર એવા મોહવૈરીથી ડરીને મેં ગ્રહ્યું. ૧૪

નિઃસીમ કરુણાધાર છો, છો શરણ આપ પવિત્ર છો,
સર્વજ્ઞ છો નિર્દોષ છો ને, સર્વ જગતના નાથ છો;
હું દીન છું હિંમત રહિત, થઈ શરણ આવ્યો આપને,
આ કામરૂપી ભિલ્લથી, રક્ષો મને રક્ષો મને. ૧૫

વિણ આપ આ જગમાં નથી, સ્વામી સમર્થ મળ્યો મને,
દુષ્કૃત્યનો સમુદાય મોટો, જે પ્રભુ મારો હણે;
શું શત્રુઓનું ચક્ર જે, બહુ દુઃખથી ભેદાય છે,
વિણ ચક્ર વાસુદેવના, તે કોઈ રીતે હણાય છે ! ૧૬

પ્રભુ દેવના પણ દેવ છો, વળી સત્ય શંકર છો તમે,
છો બુદ્ધને આ વિશ્વત્રયના, છો તમે નાયકપણે;
એ કારણે આન્તર રિપુ, સમુદાયથી પીડેલ હું,
હે નાથ ! તુમ પાસે રડીને, હૃદયનાં દુઃખો કહું. ૧૭

અધર્મના કાર્યો બધાં, દૂરે કરીને ચિત્તને,
જોડું સમાધિમાં જિનેશ્વર, શાન્ત થઈ હું જે સમે;
ત્યાં તો બધાએ વૈરીઓ, જાણે બળેલા ક્રોધથી,
મહામોહના સામ્રાજ્યમાં, લઈ જાય છે બહુ જોરથી. ૧૮

છે મોહ આદિક શત્રુઓ, મારા અનાદિકાળનાં,
એમ જાણું છું જિનદેવ !, પ્રવચન-પાનથી હું આપના;
તોયે કરી વિશ્વાસ એના, મૂઢ મેંઢો હું બનું,
એ મોહબાજીગર કને, કપિ-રીતને હું આચરું. ૧૯

એ રાક્ષસોનાં રાક્ષસો છે, ક્રૂર મ્લેચ્છો એ જ છે,
એણે મને નિષ્ઠુરપણે, બહુવાર બહુ પીડેલ છે;
ભયભીત થઈ એથી પ્રભુ, તુમ ચરણ શરણું મેં ગ્રહ્યું,
જગવીર ! દેવ ! બચાવજો મેં, ધ્યાન તુમ ચિત્તે ધર્યું. ૨૦

ક્યારે પ્રભો ! નિજ દેહમાં, પણ આપ બુદ્ધિને તજી,
શ્રદ્ધાજળે શુદ્ધિ કરેલ, વિવેકને ચિત્તો સજી;
સમ શત્રુ મિત્ર વિષે બની, ન્યારો થઈ પરભાવથી,
રમીશ સુખકર સંયમે, ક્યારે પ્રભો ! આનંદથી. ૨૧

ગતદોષ ! ગુણભંડાર ! જિનજી !, દેવ મારે તું જ છે,
સુરનર સભામાં વર્ણવ્યો, જે ધર્મ મારે તે જ છે;
એમ જાણીને પણ દાસની, મત આપ અવગણના કરો,
આ નમ્ર મારી પ્રાર્થના, સ્વામી તમે ચિત્તે ધરો. ૨૨

ષડ્વર્ગ મદનાદિકતણો, જે જિતનારો વિશ્વને,
અરિહંત ઉજ્જવલ ધ્યાનથી, તેને પ્રભુ જિત્યો તમે;
અશક્ય તુમ પ્રત્યે હણે, તુમ દાસને નિર્દયપણે,
એ શત્રુઓને જીતું એવું, આત્મબળ આપો મને. ૨૩

સમર્થ છો સ્વામી ! તમે, આ સર્વ જગને તારવા,
ને મુજ સમા પાપીજનોની, દુર્ગતિને વારવા;
આ ચરણ વળગ્યો પાંગળો, તુમ દાસ દીન દુભાય છે,
હે શરણ્ય ! શું સિદ્ધિ વિષે, સંકોચ મુજથી થાય છે ? ૨૪

તુમ પાદપદ્મ રમે પ્રભો !, નિત જે જનોનાં ચિત્તમાં,
સુર ઈન્દ્ર કે નરઈન્દ્રની, પણ એ જનોને શી તમા?
ત્રણ લોકની પણ લક્ષ્મી એને, સહચરી પેઠે ચહે,
સદ્‌ગુણોની શુભ ગન્ધ, એના આત્મમાંહે મહમહે. ૨૫

અત્યન્ત નિર્ગુણ છું પ્રભો ! હું, ક્રૂર છું હું દુષ્ટ છું,
હિંસક અને પાપે ભરેલો, સર્વ વાતે પૂર્ણ છું;
વિણ આપ આલંબન પ્રભો!, ભવભીમસાગર સંચરું,
મુજ ભવભ્રમણની વાત જિનજી !, આપ વિણ કોને કરું ? ૨૬

મુજ નેત્રરૂપ ચકોરને, તું ચન્દ્ર રૂપે સાંપડ્યો,
તેથી જિનેશ્વર આજ હું, આનંદ ઉદધિમાં પડ્યો;
જે ભાગ્યશાળી હાથમાં, ચિંતામણિ આવી ચડે,
કઈ વસ્તુ એવી વિશ્વમાં, જે તેહને નવ સાંપડે ? ૨૭

હે નાથ ! આ સંસાર સાગર, ડૂબતા એવા મને,
મુક્તિપુરીમાં લઈ જવાને, જહાજરૂપે છો તમે;
શિવરમણીના શુભસંગથી, અભિરામ એવા હે પ્રભો!
મુજ સર્વ સુખનું મુખ્ય કારણ, છો તમે નિત્યે વિભો! ૨૮

જે ભવ્ય જીવો આપને, ભાવે નમે સ્તોત્રે સ્તવે,
ને પુષ્પની માળા લઈને, પ્રેમથી કંઠે ઠવે;
તે ધન્ય છે કૃત પુણ્ય છે, ચિન્તામણિ તેને કરે,
વાવ્યો પ્રભો ! નિજ કૃત્યથી, સુરવૃક્ષને એણે ગૃહે. ૨૯

હે નાથ ! નેત્રો મીંચીને, ચલ ચિત્તની સ્થિરતા કરી,
એકાન્તમાં બેસી કરીને, ધ્યાન મુદ્રાને ધરી;
મુજ સર્વ કર્મ વિનાશ કારણ, ચિંતવું, જે જે સમે,
તે તે સમે તુજ મૂર્તિ મનહર, માહરે ચિત્તે રમે. ૩૦

ઉત્કૃષ્ટ ભક્તિથી પ્રભો, મેં અન્ય દેવોને સ્તવ્યાં,
પણ કોઈ રીતે મુક્તિ સુખને, આપનારા નવ થયા;
અમૃત ભરેલા કુંભથી, છોને સદાએ સીંચીએ,
આંબા તણાં મીઠાં ફળો, પણ લીંબડો ક્યાંથી દીએ ? ૩૧

ભવજલધિમાંથી હે પ્રભો !, કરૂણા કરીને તારજો,
ને નિર્ગુણીને શિવનગરનાં, શુભ સદનમાં ધારજો;
આ ગુણીને આ નિર્ગુણી, એમ ભેદ મોટા નવ કરે,
શશિ સૂર્ય મેઘ પરે દયાળુ, સર્વના દુઃખો હરે. ૩૨

પામ્યો છું બહુ પુણ્યથી પ્રભુ ! તને, ત્રૈલોક્યના નાથને,
હેમાચાર્ય સમાન સાક્ષી શિવના, નેતા મળ્યા છે મને;
એથી ઉત્તમ કોઈ વસ્તુ ન ગણું, જેહની કરું માંગણી,
માગું આદર વૃદ્ધિ તોય તુજમાં, એ હાર્દની લાગણી. ૩૩

# નારદ ભક્તિસૂત્ર

(૧) અથાતો ભક્તિં વ્યાખ્યાસ્યામઃ ।

(૨) સા ત્વસ્મિન્ પરમપ્રેમરૂપા ।

(૩) અમૃતસ્વરૂપા ચ ।

(૪) યલ્લબ્ધ્વા પુમાન્ સિદ્ધો ભવતિ, અમૃતો ભવતિ, તૃપ્તો ભવતિ ।

(૫) યત્પ્રાપ્ય ન કિંચિદ્ વાંછતિ, ન શોચતિ, ન દ્વેષ્ટિ, ન રમતે, નોત્સાહી ભવતિ ।

(૬) યજ્જ્ઞાત્વા મત્તો ભવતિ, સ્તબ્ધો ભવતિ, આત્મારામો ભવતિ ।

(૭) સા ન કામયમાના, નિરોધરૂપત્વાત્ ।

(૮) નિરોધસ્તુ લોકવેદવ્યાપારન્યાસઃ ।

(૯) તસ્મિન્નનન્યતા તદ્વિરોધિષૂદાસીનતા ચ ।

(૧૦) અન્યાશ્રયાણાં ત્યાગઃ અનન્યતા ।

(૧) હવે ભક્તિની વ્યાખ્યા કરશું.

(૨) તે (ભક્તિ) તેને (પરમાત્માને) વિષે ઉઠેલા પરમ પ્રેમરૂપા છે.

(૩) અને અમૃત સ્વરૂપા છે.

(૪) જે (ભક્તિ)ને મેળવીને આત્મા સિદ્ધ બને છે, અમૃત બને છે, તૃપ્ત બને છે.

(૫) જેને પામ્યા પછી સાધક બીજું કાંઈ જ ઈચ્છતો નથી. નથી એ શોક કરતો કે દ્વેષ કરતો, નથી ક્યાંય એ રમતો, નથી બીજે ઉત્સાહવાળો થતો.

(૬) જેને જાણીને સાધક મત્ત બને છે, સ્તબ્ધ બને છે, આત્મારામ બને છે.

(૭) આ ભક્તિ (કામના માત્રનો) નિરોધ કરે છે. તેથી તે કામનાયુક્ત નથી.

(૮) નિરોધ એટલે લૌકિક કે વૈદિક કોઈપણ વ્યાપારનો ત્યાગ.

(૯) તે ભગવાનમાં એકાકારતા અને ભક્તિમાં થતી અવરોધ પ્રતિ ઉદાસીનભાવ.

(૧૦) પ્રભુ સિવાયના બીજા બધા આશ્રયોનો ત્યાગ તે અનન્યતા.

(૧૧) લોકે વેદેષુ તદનુકૂલાચરણં,
તદ્વિરોધિષૂદાસીનતા ।

(૧૨) ભવતુ નિશ્ચયદાર્ઢ્યાદૂર્ધ્વં શાસ્ત્રરક્ષણમ્।

(૧૩) અન્યથા પાતિત્યાશંકયા ।

(૧૪) લોકોપિ તાવદેવ કિન્તુ ભોજનાદિવ્યાપારસ્ત્વા
શરીરધારણાવધિઃ।

(૧૫) તલ્લક્ષણાનિ વાચ્યન્તે નાનામતભેદાત્।

(૧૬) પૂજાદિષ્વનુરાગ ઈતિ પારાશર્યઃ ।

(૧૭) કથાદિષ્વિતિ ગર્ગઃ ।

(૧૮) આત્મરત્યવિરોધનેતિ શાણ્ડિલ્યઃ ।

(૧૯) નારદસ્તુ તદર્પિતાખિલાચારતા તદ્વિસ્મરણે
પરમવ્યાકુલતેતિ ।

(૧૧) લૌકિક તથા વૈદિક કર્મો એવા કરવા કે જેથી પ્રભુને અનુકૂળ રહેવાય અને પ્રભુ સિવાયના બધામાં ઉદાસીનભાવ.

(૧૨) ભક્તિનો નિશ્ચય કર્યા પછી પણ શાસ્ત્રભક્તિ આવશ્યક છે.

(૧૩) શાસ્ત્રનું રક્ષણ ન થાય તો પતનનો ભય છે.

(૧૪) લૌકિક કર્મો પણ ભગવાનમાં પરિપૂર્ણ ભક્તિ સ્થિર થાય ત્યાં સુધી કરવાં જ જોઈએ. આમ છતાં જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી બધા શરીરધર્મ (ખાવું, પીવું વ.) કરવા જ પડે.

(૧૫) ભક્તિના લક્ષણો ભિન્ન ભિન્ન રીતે કહેવાયા છે.

(૧૬) પરાશર (વ્યાસ) મુનિ કહે છે કે પૂજા આદિમાં અનુરાગ તે ભક્તિ.

(૧૭) ગર્ગાચાર્ય કહે છે : પ્રભુની કથા આદિમાં અનુરાગ તે ભક્તિ.

(૧૮) શાંડિલ્ય ઋષિ કહે છે : આત્માનન્દની અવિરોધીની કથા વાર્તા આદિમાં અનુરાગ તે ભક્તિ.

(૧૯) નારદ ઋષિ કહે છે : પ્રભુને પોતાનાં બધાં કાર્યો અર્પી દેવા... તથા પ્રભુનું વિસ્મરણ થતાં પરમ વ્યાકુળતાનો અનુભવ થવો તે ભક્તિ.

(૨૦) અસ્ત્યેવમેવ ।
(૨૧) યથા વ્રજગોપિકાનામ્ ।

(૨૨) તત્રાપિ ન માહાત્મ્યજ્ઞાનવિસ્મૃત્યપવાદઃ ।

(૨૩) તદ્વિહીનં જારાણામિવ ।

(૨૪) નાસ્ત્યેવ તસ્મિંસ્તત્સુખસુખિત્વમ્ ।

(૨૫) સા તુ કર્મજ્ઞાનયોગેભ્યોપ્યધિકતરા ।

(૨૬) ફલરૂપત્વાત્ ।
(૨૭) ઈશ્વરસ્યાપ્યભિમાનદ્વેષિત્વાત્ દૈન્યપ્રિયત્વાચ્ચ ।

(૨૮) તસ્યા જ્ઞાનમેવ સાધનમિત્યેકે ।
(૨૯) અન્યોન્યાશ્રયત્વમિત્યન્યે ।

(૩૦) સ્વયં ફલરૂપતેતિ બ્રહ્મકુમારાઃ ।

(૨૦) એવું જ હોય છે.

(૨૧) જેમ કે વ્રજની ગોપીઓમાં હતો પરમ વ્યાકુળ ભાવ.

(૨૨) (આવી પ્રેમલક્ષણા ભક્તિમાં પણ) ભગવાનની મહત્તાના અને દિવ્યતાના જ્ઞાનનું વિસ્મરણ ન થવું જોઈએ.

(૨૩) ભગવાનના માહાત્મ્યના સ્મરણ વિનાની પ્રીતિ તો વ્યભિચારીની વિષયા પ્રીતિ જેવી છે.

(૨૪) એવા પ્રેમમાં પ્રિયતમના સુખમાં પ્રેમીનું સુખ સમાતું હોતું નથી.

(૨૫) આ ભક્તિ તો કર્મજ્ઞાન અને યોગથી પણ અધિક છે.

(૨૬) આ ભક્તિ પોતે જ પોતાનું ફળ છે.

(૨૭) ભગવાનને અભિમાનનો અણગમો છે અને ભક્તની હીનતા (પીગળવું) પ્રભુને ગમે છે.

(૨૮) કેટલાક કહે છે : જ્ઞાન જ ભક્તિનું સાધન છે.

(૨૯) બીજા કહે છે કે : ભક્તિ એટલે અન્યોન્યનો આશ્રય. (ભક્તિ અને જ્ઞાન એકબીજાના સહાયક બને.)

(૩૦) બ્રહ્મકુમારો કહે છે કે ભક્તિ પોતે જ પોતાનું ફળ છે.

(૩૧) રાજગૃહભોજનાદિષુ તથૈવ દૃષ્ટત્વાત્ ।

(૩૨) ન તેન રાજપરિતોષઃ ક્ષુધાશાન્તિર્વા ।

(૩૩) તસ્માત્સૈવ ગ્રાહ્યા મુમુક્ષુભિઃ ।
(૩૪) તસ્યાઃ સાધનાનિ ગાયન્ત્યાચાર્યાઃ ।
(૩૫) તત્તુ વિષયત્યાગાત્ સંગત્યાગાચ્ચ ।

(૩૬) અવ્યાવૃત્તભજનાત્ ।
(૩૭) લોકેપિ ભગવદ્ગુણશ્રવણકીર્તનાત્ ।

(૩૮) મુખ્યતસ્તુ મહત્કૃપયૈવ ભગવત્કૃપાલેશાદ્ વા ।

(૩૯) મહત્સંગસ્તુ દુર્લભોઽગમ્યોઽમોઘશ્ચ ।

(૪૦) લભ્યતે તત્કૃપયૈવ ।
(૪૧) તસ્મિંસ્તજ્જને ભેદાભાવાત્ ।

(૪૨) તદેવ સાધ્યતાં તદેવ સાધ્યતામ્ ।

(૩૧) રાજમહેલ, ભોજન વગેરે વિષે માત્ર જ્ઞાન મેળવવાથી કશો ફાયદો થતો નથી.

(૩૨) રાજમહેલ કે ભોજનના જ્ઞાન માત્રથી ન તો રાજાપણાનો પરિતોષ થાય છે... ન ક્ષુધાશાન્તિ.

(૩૩) માટે મુમુક્ષુએ ભક્તિ જ ગ્રહણ કરવા યોગ્ય છે.

(૩૪) તેના સાધનો આચાર્યો બતાવે છે.

(૩૫) તે સાધનો : (૧) વિષયત્યાગ અને (૨) દુન્યવી સંગોનો ત્યાગ.

(૩૬) અખંડ ભજનથી ભક્તિ સંધાય છે.

(૩૭) સંસારમાં રહીને પણ ભગવાનના ગુણોનું શ્રવણ અને કીર્તન કરવું તે પણ ભક્તિનું સાધન છે.

(૩૮) મુખ્યત્વે તો મહાપુરુષોની કૃપાથી જ અથવા ભગવાનની કૃપાના એક અંશ માત્રથી પણ ભગવાનની ભક્તિ મળે છે.

(૩૯) મહાપુરુષોનો સંગ દુર્લભ તથા અગમ્ય હોય છે. અને કદી નિષ્ફળ જતો નથી.

(૪૦) પ્રભુની કૃપાથી જ મહાપુરુષોનો સંગ મળે છે.

(૪૧) ભગવાન અને તેના ભક્તમાં (ભક્તને) ભેદ લાગતો નથી (તેથી તેમની કૃપાથી.. એમ કહ્યું)

(૪૨) તેથી એ મહાપુરુષોનો સંગ કરો.

(૪૩) દુઃસંગઃ સર્વથૈવ ત્યાજ્યઃ ।

(૪૪) કામક્રોધમોહસ્મૃતિભ્રંશબુદ્ધિનાશસર્વનાશ
કારણત્વાત્ ।

(૪૫) તરંગાયિતા અપીમે સંગાત્ સમુદ્રાયન્તિ ।

(૪૬) કસ્તરતિ કસ્તરતિ માયામ્ ? યઃ સંગાંસ્ત્યજતિ યો મહાનુભાવં સેવતે, નિર્મમો ભવતિ ।

(૪૭) યો વિવિક્તસ્થાનં સેવતે, યો લોકબન્ધમુન્મૂલયતિ, નિસ્ત્રૈગુણ્યો ભવતિ, યોગક્ષેમં ત્યજતિ ।

(૪૮) યઃ કર્મફલં ત્યજતિ, કર્માણિ સંન્યસ્યતિ, તતો નિર્દ્વન્દ્વો ભવતિ ।

(૪૯) વેદાનપિ સંન્યસ્યતિ, કેવલમવિચ્છિન્નાનુરાગં લભતે ।

(૫૦) સ તરતિ સ તરતિ સ લોકાંસ્તારયતિ ।

(૪૩) દુસ્સંગ તો સર્વથા છોડવો.

(૪૪) દુ:સંગ કામ, ક્રોધ, મોહ, સ્મૃતિનાશ, બુદ્ધિનાશ અને સર્વનાશનું કારણ છે.

(૪૫) કામ, ક્રોધ આદિ શરૂમાં તરંગ જેવા હોવા છતાં દુસ્સંગથી સમુદ્ર જેવા મોટા થઈ જાય છે.

(૪૬) કોણ માયાને તરે છે? જે દુસ્સંગોને ત્યજે છે. ને જે મહાપુરુષને સેવે છે અને સંસાર પ્રત્યે નિર્મમ બને છે.

(૪૭) જે સાધક એકાન્ત સ્થાનમાં વસે છે, જે દુનિયાના બંધનોને મૂળથી ઉખેડી નાખે છે, સત્ત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણોથી ઉપર જઈ શકે છે અને પોતાના યોગક્ષેમનો વિચાર કરતો નથી. તે માયાને તરે છે. (પરમ ઉદાસીન.)

(૪૮) જે કર્મનું ફળ ત્યજે છે. કર્મોને પણ ત્યજે છે અને પછી સુખ-દુ:ખના દ્વન્દ્વોને પાર જાય છે, તે માયાને તરે છે.

(૪૯) આવો સાધક વેદોને પણ બાજુએ મૂકી દે છે. માત્ર અખંડ પ્રેમભક્તિ પ્રાપ્ત કરી લે છે.

(૫૦) આવો મુમુક્ષુ તરી જાય છે, (સંસારને) અને બીજાઓને તારે છે.

(૫૧) અનિર્વચનીયં પ્રેમસ્વરૂપમ્ ।
(૫૨) મૂકાસ્વાદનવત્ ।
(૫૩) પ્રકાશતે ક્વાપિ પાત્રે ।
(૫૪) ગુણરહિતં કામનારહિતં પ્રતિક્ષણવર્ધમાન-મવિચ્છિન્નં સૂક્ષ્મતરમનુભવરૂપમ્ ।

(૫૫) તત્પ્રાપ્ય તદેવાવલોકયતિ, તદેવ શૃણોતિ, તદેવ ભાષયતિ, તદેવ ચિન્તયતિ ।

(૫૬) ગૌણી ત્રિધા ગુણભેદાદાર્તાદિ ભેદાદ્ વા ।

(૫૭) ઉત્તરસ્માદુત્તરસ્માત્ પૂર્વપૂર્વા શ્રેયાય ભવતિ ।

(૫૮) અન્યસ્માત્ સૌલભ્યં ભક્તૌ ।
(૫૯) પ્રમાણાન્તરસ્યાનપેક્ષત્વાત્ સ્વયં પ્રમાણરૂપત્વાત્ ।
(૬૦) શાન્તિરૂપત્વાત્ પરમાનન્દરૂપત્વાચ્ચ ।

(૫૧) પ્રેમનું સ્વરૂપ વાણીમાં વર્ણવાય તેવું નથી.
(૫૨) મુંગાએ કરેલા (સાકરના) આસ્વાદની જેમ.
(૫૩) કોઈ યોગ્ય પાત્રમાં તે પ્રેમ પ્રકાશે છે.
(૫૪) આ પ્રેમનું સ્વરૂપ ગુણવિહોણું, કામના વિહોણું, ક્ષણે ક્ષણે વૃદ્ધિ પામનારું અખંડ, અત્યંત સૂક્ષ્મ અને અનુભવ રૂપ છે.
(૫૫) આ પ્રેમને પ્રાપ્ત કરીને ભગવત્ પ્રેમી જ્યાં ત્યાં ભગવાનને જ જુએ છે, તેમને સાંભળે છે, તેમને જ વિચારે છે.
(૫૬) ગૌણ ભક્તિ ૩ પ્રકારની છે : ૩ ગુણોને આધારે અથવા આર્ત (=પીડિત) આદિ ત્રણ ભેદોને આશ્રયીને.
(૫૭) પાછળ પાછળના પ્રકારની ભક્તિ કરતાં પૂર્વ પૂર્વની ભક્તિ ચઢિયાતી છે : વિશેષ કલ્યાણ કરનારી.
(૫૮) બીજા સાધનો કરતાં ભક્તિમાં વધુ સુલભતા છે.
(૫૯) ભક્તિ પોતે જ પ્રમાણ રૂપ છે. તેથી બીજા પ્રમાણની જરૂર નથી.
(૬૦) ભક્તિ પોતે જ શાન્તિ સ્વરૂપ તથા પરમાનન્દ સ્વરૂપ છે.

(૬૧) લોકહાનૌ ચિન્તા ન કાર્યા, નિવેદિતાત્મલોક-
વેદત્વાત્ ।

(૬૨) ન તદસિદ્ધૌ લોકવ્યવહારો હેયઃ, કિન્તુ
ફલત્યાગસ્તત્સાધનં ચ કાર્યમેવ ।

(૬૩) સ્ત્રીધનનાસ્તિકવૈરિચરિત્રં ન શ્રવણીયમ્ ।

(૬૪) અભિમાનદમ્ભાદિકં ત્યાજ્યમ્ ।
(૬૫) તદર્પિતાખિલાચારઃ સન્ કામક્રોધાભિમાનાદિકં
તસ્મિન્નેવ કરણીયમ્ ।

(૬૬) ત્રિરૂપભંગપૂર્વકં નિત્યદાસનિત્યકાન્તા-
ભજનાત્મકં વા પ્રેમૈવ કાર્યં, પ્રેમૈવ કાર્યમ્ ।

(૬૭) ભક્તા એકાન્તિનો મુખ્યાઃ ।
(૬૮) કંઠાવરોધરોમાંચાશ્રુભિઃ પરસ્પરં લપમાનાઃ
પાવયન્તિ કુલાનિ પૃથિવીં ચ ।

(૬૧) સંસારમાં થતી હાનિની ચિન્તા ન કરવી. લૌકિક હોય કે વૈદિક કાર્ય, પ્રભુને બધું અર્પિત કરેલું હોવું જોઈએ.

(૬૨) ભક્તિ પૂર્ણતયા સિદ્ધ ન થાય ત્યાં સુધી લોક-વ્યવહાર ન છોડવો જોઈએ. હા, ફળત્યાગ તો કરવો જ. અને ભક્તિની સિદ્ધિના સાધનો તો સાધવા જ.

(૬૩) સ્ત્રી, ધન, નાસ્તિક અને દુશ્મનનું ચરિત્ર કદી સાંભળવું નહિ.

(૬૪) અભિમાન, દંભ વગેરે છોડવા.

(૬૫) પોતાના સર્વ આચાર (કર્મ) પ્રભુને સોંપવા. પછી કામ, ક્રોધ વગેરે પણ પ્રભુને સમર્પિત કરવા.

(૬૬) ત્રણ રૂપો – સ્વામી, સેવક અને સેવાનો ભંગ કરી નિત્યદાસ ભક્તિપૂર્વક કે નિત્યપ્રિયતમા ભક્તિપૂર્વક પ્રેમ જ કરવો જોઈએ.

(૬૭) જે ભક્તો અનન્ય ભાવે પ્રભુને ભજે છે, તે મુખ્ય છે.

(૬૮) આવા અનન્ય ભક્તો ગળામાં ડૂમો, રોમાંચ અને અશ્રુવડે એકબીજાની જોડે વાત કરતા પોતાના કુળ અને સમસ્ત પૃથ્વીને પાવન કરે છે.

(૬૯) તીર્થીકુર્વન્તિ તીર્થાણિ સુકર્મીભવન્તિ કર્માણિ, સચ્છાસ્ત્રીકુર્વન્તિ શાસ્ત્રાણિ ।

(૭૦) તન્મયાઃ ।

(૭૧) મોદન્તે પિતરો નૃત્યન્તિ દેવતાઃ સનાથા ચેયં ભૂર્ભવતિ ।

(૭૨) નાસ્તિ તેષુ જાતિવિદ્યારૂપકુલધનક્રિયાદિભેદઃ ।

(૭૩) યતસ્તદીયાઃ ।

(૭૪) વાદો નાવલમ્બ્યઃ ।

(૭૫) બાહુલ્યાવકાશાદનિયતત્ત્વાચ્ચ ।

(૭૬) ભક્તિશાસ્ત્રાણિ મનનીયાનિ તદુદ્બોધકકર્માણ્યપિ કરણીયાનિ ।

(૭૭) સુખદુઃખેચ્છાલાભાદિત્યક્તે કાલે પ્રતીક્ષ્યમાણે ક્ષણાર્ધમપિ વ્યર્થં ન નેયમ્ ।

(૬૯) આવા ભક્તો તીર્થોને ખરેખર તીર્થ બનાવે છે. કર્મોને વધુ સારા કર્મરૂપે અને શાસ્ત્રોને પણ વિશેષ પાવન બનાવે છે.

(૭૦) આવા ભક્તો પ્રભુમય જ છે.

(૭૧) આવા ભક્તને નિહાળી પિતૃગણો આનંદે છે, દેવતાઓ નાચે છે... અને આ પૃથ્વી પોતાને સનાથ માને છે.

(૭૨) આવા ભક્તોને જાતિ, વિદ્યા, રૂપ, કુળ, ધન, કર્મ વગેરેનો ભેદ હોતો નથી.

(૭૩) કારણ કે ભક્તો ભગવાનના છે. અને પ્રાણીમાત્ર પ્રભુનું સંતાન છે એમ એ માને છે.

(૭૪) ભક્તે વાદવિવાદમાં પડવું નહિ.

(૭૫) વાદમાં બીજા ઘણા વિવાદ જન્મી શકે અને પછી નવો વાદ નહિ જન્મે એવો કોઈ નિયમ નથી.

(૭૬) ભક્તે ભક્તિપ્રેરક મનનીય ગ્રન્થો વાંચવા જોઈએ અને ભક્તિ જાગે તેવા કાર્યો કરવા જોઈએ.

(૭૭) સુખ, દુઃખ, ઈચ્છા, લાભ વગેરે છોડી તેવો કાળ આવે તેની રાહ જોતા છતાં એક અર્ધી ક્ષણ પણ નકામી જવા ન દેવી.

(૭૮) અહિંસા સત્ય-શૌચદયાઽસ્તિક્યાદિ ચારિત્ર્યાણિ પરિપાલનીયાનિ ।

(૭૯) સર્વદા સર્વભાવેન નિશ્ચિન્તિતૈ ર્ભગવાન્ ભજનીયઃ ।

(૮૦) સ કીર્ત્યમાનઃ શીઘ્રમેવાવિર્ભવતિ અનુભાવયતિ ચ ભક્તાન્ ।

(૮૧) ત્રિસત્યસ્ય ભક્તિરેવ ગરિયસી, ભક્તિરેવ ગરિયસી ।

(૮૨) ગુણમાહાત્મ્યાસક્તિ, રૂપાસક્તિ, પૂજાસક્તિ, સ્મરણાસક્તિ, દાસ્યાસક્તિ, સખ્યાસક્તિ, વાત્સલ્યાસક્તિ, આત્મનિવેદનાસક્તિ, તન્મયા-સક્તિ, પરમવિરહાસક્તિરૂપા એકધાઽપ્યેક-દશધા ભવતિ ।

(૭૮) ભક્તે અહિંસા, સત્ય, પવિત્રતા, દયા, ઈશ્વરમાં શ્રદ્ધા વિગેરે શુદ્ધ ચારિત્ર્યનાં અંગો પાળવા જોઈએ.

(૭૯) પોતાના સર્વભાવવડે બધી ચિંતાઓને છોડીને માત્ર ભગવાનનું જ ભજન કરવું જોઈએ.

(૮૦) આવી રીતે સ્તવાયેલા ભગવાન ભક્ત આગળ પ્રગટ થાય છે અને પોતાનો અનુભવ કરાવે છે.

(૮૧) ત્રણે કાળમાં શ્રેષ્ઠ સાધન ભક્તિ જ છે.

(૮૨) ભક્તિના ૧૧ પ્રકારો : (૧) ભગવાનના ગુણ તથા મહિમામાં આસક્તિ (૨) પ્રભુ સ્વરૂપમાં અનુરાગ (૩) ભગવાનની પૂજામાં લગાવ (૪) તેમના સ્મરણની લગની (૫) ભગવાનના દાસ તરીકેની આસક્તિ (૬) પ્રભુમાં મિત્ર ભાવે આસક્તિ (૭) તેમની પ્રિયતમા તરીકેની આસક્તિ (૮) તેમને પોતાના બાળક ગણીને તેમનામાં (યશોદાભાવ) આસક્તિ. (૯) પ્રભુને ચરણે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવાની આસક્તિ (૧૦) તન્મય, એકાકારી થવાની આસક્તિ અને (૧૧) પ્રભુના વિરહમાં ઝૂરવાની આસક્તિ. એક આસક્તિ સ્વરૂપ પણ અગ્યાર પ્રકારે થાય છે.

(૮૩) ઈત્યેવં વદન્તિ જનજલ્પનિર્ભયા એકમતાઃ કુમાર-વ્યાસ-શુક-શાણ્ડિલ્ય-ગર્ગ-વિષ્ણુ-કૌણ્ડિન્ય-શેષોદ્ધવારુણિ-બલિ-હનુમત્-વિભીષણાદયો ભક્ત્યાચાર્યાઃ ।

(૮૪) ય ઈદં નારદોક્તં શિવાનુશાસનં વિશ્વસિતિ, શ્રદ્ધત્તે, સ પ્રેષ્ઠં લભતે, સ પ્રેષ્ઠં લભતે ।

(૮૩) સનત્કુમાર, વેદવ્યાસ, શુકદેવ, શાંડિલ્ય, ગર્ગ, વિષ્ણુ, કૌંડિન્ય, શેષ, ઉદ્ધવ, આરુણિ, બલિ, હનુમાન, બિભીષણ વગેરે ભક્તિમાર્ગના આચાર્યો જગતના લોકની નિન્દાથી નિર્ભય બનીને એક મતે આમ જ કહે છે (કે ભક્તિ જ ઈશ્વર પ્રાપ્તિનો શ્રેષ્ઠ માર્ગ છે.)

(૮૪) જે આ નારદઋષિએ પ્રરૂપેલ ભક્તિશાસ્ત્રમાં વિશ્વાસ મૂકશે, શ્રદ્ધા રાખશે તે પ્રભુને મેળવશે.

# અપૂર્વ અવસર

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો,
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરૂષને પંથ જો. ૧
સર્વભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. ૨
દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,
દેહભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો,
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. ૩
આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો,
ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહિં તે સ્થિરતાનો અંત જો. ૪
સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન,
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંત થાયે નિજસ્વરૂપમાં લીન જો. ૫
પંચવિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચપ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો,
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધવણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. ૬
ક્રોધ પ્રત્યેતો વર્તે ક્રોધ સ્વભાવતા,
માન પ્રત્યે તો દિનતાપણાનું માન જો,
માયા પ્રત્યે માયા સાક્ષીભાવની,
લોભ પ્રત્યે નહિં લોભ સમાન જો. ૭

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો,
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહિં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. ૮
નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો,
કેશ રોમ નખ કે અંગે શૃંગાર નહિં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગંથ સિદ્ધ જો. ૯
શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો,
જીવિત કે મરણે નહિં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. ૧૦
એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,
અડોલ આસન ને મનમાં નહિં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. ૧૧
ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહિં,
સરસ અન્ને નહિં મનને પ્રસન્નભાવ જો,
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો. ૧૨
એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો,
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. ૧૩
મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો,
અંતસમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટ્યું નિજ કેવલજ્ઞાન નિધાન જો. ૧૪

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવના બીજતણો આત્યંતિકનાશ જો,
સર્વ ભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. ૧૫
વેદનીયાદિ ચારકર્મે વર્તે જિહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો,
તે દેહાયુષ આધીન જેની, સ્થિતિ છે,
આયુષપૂર્ણે મટીયે દૈહિકપાત્ર જો. ૧૬
મન વચન કાયાને કર્મની વર્ગણા,
છૂટે જિહાં સકળ પુદ્ગલ સંબંધ જો,
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. ૧૭
એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શના,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો,
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરૂલઘુ અમૂર્ત સહજપદ રૂપ જો. ૧૮
પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો,
સાદિ અનંત-અનંત સમાધિ-સુખમાં,
અનંતદર્શન જ્ઞાન અનંત સહિત જો. ૧૯
જે પદ શ્રીસર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિં પણ તે શ્રીભગવાન જો,
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે,
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. ૨૦
એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજાવગરને હાલ મનોરથ રૂપ જો,
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. ૨૧

● સમાપ્ત ●

# ચંદ્રયશ સ્વાધ્યાય

## ભાગ-૧

(૧) શક્રસ્તવ સ્તોત્ર-સાર્થ
(૨) પરમજ્યોતિ: પંચવિંશતિકા-સાર્થ
(૩) પરમાત્મપંચવિંશતિકા-સાર્થ
(૪) સિદ્ધર્ષિગણીરચિત જિનસ્તવના-સાર્થ
(૫) કુમારપાલરચિત સાધારણ જિનસ્તવના-સાર્થ
(૬) સિદ્ધર્ષિગણીરચિત જિનસ્તવનાનો પદ્યાનુવાદ
(૭) કુમારપાલરચિત સાધારણ જિનસ્તવનાનો પદ્યાનુવાદ
(૮) નારદભક્તિ સૂત્ર-સાર્થ
(૯) અપૂર્વ અવસર

## ભાગ-૨

(૧) સમતાશતક-સાર્થ
(૨) સમાધિશતક-સાર્થ
(૩) ગુરુબહુમાનકુલક-સાર્થ
(૪) હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા-સાર્થ

## ભાગ-૩

(૧) દેવચંદ્રજીકૃત અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય-સાર્થ
(૨) અધ્યાત્મગીતા-સાર્થ

## ભાગ-૪

(૧) ઉત્તરાધ્યયનસૂત્રની ચૂંટેલી ગાથાઓ-સાર્થ

## ભાગ-૫

(૧) આચારાંગસૂત્રની ચૂંટેલી ગાથાઓ-સાર્થ

"Bharat Graphics" Ahmedabad. Ph. 079-22134176, 09925020106